

بسم الله الرحمن الرحيم

رَبِّ زِدْنِي عِلْمًا وَّارْزُقْنِي فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**




**સરપરસ્ત**

**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**



**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**


# جعفری آواز

# જાફરી આવાઝ


શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-12, Issue-5, April-2025**

વર્ષ : ૪૨ સળંગ અંક : ૫૨૦



**સંપાદક મંડળ**

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

સહતંત્રી : ફૈઝમોહંમદ મસી

સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)

લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા

અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણશીયા–૮૪૬૦૪૯૨૪૨૯



**કાર્યાલયનું સરનામું**

'જાફરી આવાઝ' (માસિક)

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com


Title Calligraphy: http://www.asr-entezar.ir

## લેખાનુક્રમ


- **ઉઘડતે પાને**

હિદાયત: હઝરત સુલયમાન (અ.)નો કિસ્સો . 3

- **તંત્રી લેખ**

કુરઆનમાં ઉલ્લેખ થયેલાં જાનવરો........... 7

- **કુરઆન અને હદીસ**

કુરઆન શિક્ષણ ..............................11

ગુરરુલ હિકમ ...............................13

નહ્જુલ અસરાર ............................15

- **તરીકત**

મશાયખવાણી...............................19

- **અદબિયાત**

મીર અનીસના મરસિયા .................... 23

- **તારીખ અને ભૂગોળ**

સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)......... 27

અલ ઈર્શાદ................................. 33

- **અખ્લાક**

જ્ઞાનગોષ્ઠિ ....................................37

તહ્ઝીબુલ ઈસ્લામ ..........................41

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન.. 45

- **દુઆ અને મુનાજાત**

ઈબાદાત..................................... 49

- **અન્ય**

વ્યક્તિ વિશેષ – હબીબ ઈબ્ને મુઝાહિર અસદી (અ.)..51

આપણા ઘરની વાતો ....................... 54

'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 56

## હિદાયત:

# હઝરત સુલયમાન (અ.)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

(ગતાંકનું ચાલુ)

جنوں کے بارے میں لوگوں نے بہت سے بیہودہ افسانے اور داستانیں گھڑ رکھی ہیں، لیکن اگر ہم ان خرافات کو ترک کر دیں تو ان کا اصل وجود اور مخصوص صفات، جو قرآن میں جنوں کے لئے بیان ہوئی ہیں، ایک ایسے مطلب کا حامل ہے جو علم و عقل سے قطعاً بعید نہیں ہے۔

جیسا کہ قرآن سے معلوم ہوتا ہے کہ اس عظیم طاقت کی تسخیر بھی پروردگار کے فرمان سے ہی تھی۔ اور جس وقت وہ اپنے وظائف اور ذمہ داریوں سے سرتابی کرتے تھے تو انہیں سزا دی جاتی تھی۔

قرآن کریم واقعہ کو جاری رکھتے ہوئے جنوں کے اہم تولیدی کاموں کے ایک حصہ کی طرف (جو وہ سلیمانؑ کے حکم سے انجام دیتے تھے) اشارہ کرتے ہوئے کہتا ہے کہ:

હવે અહીં લખે છે કે જિન્નો વિષે આમ તો લોકવાયકામાં અથવા તો અંધવિશ્વાસના કારણે બહુ ખોટી ખોટી માન્યતાઓ લોકોમાં આવી ગઈ છે, પરંતુ જેમ કુરઆન શરીફની આયતો કહે છે તે પ્રમાણે જ આપણે વિચારીએ તો આંખોથી ન દેખી શકાય તેવી પરંતુ સમજબૂઝવાળી એક કોમ, જેમાં મોમિન પણ છે અને કાફિર પણ છે, નેક પણ છે અને બદમાશ પણ છે, અને તેમનાં કાર્યોના પ્રમાણે તેમને અલ્લાહ સજા પણ આપે છે, અને જઝા પણ આપે છે. તેવી એક કોમ છે, અને આ વળગણવાળી વાત છે તે ખોટી છે તે આ આયતોથી સાબિત થાય છે.

તો કુરઆન શરીફ સુલયમાન (અ.)ની રૈયતના જે જિન્નાત હતા તે વિષે ફરમાવે છે કે:

"سلیمانؑ جو کچھ چاہتے تھے وہ ان کے لئے، عبادت خانوں، تمثالوں، حوض کے مانند بڑے بڑے کھانوں کے برتنوں اور زمین میں ثابت (جمی ہوئی یا گڑی ہوئی) دیگوں کو تیار کر کے دیتے تھے۔"

(સૂરા સબા, આયત-૧૩)

આ બધું કામ જિન કરતા હતા. સુલયમાન (અ.)ની નોકરી કરતા હતા. જે કંઈ સુલયમાન (અ.) કહેતા હતા તે બધું તૈયાર કરી કરીને આપી દેતા હતા.

ان میں سے ایک حصہ تو معنوی اور عبادت کے مسائل سے مربوط تھا، اور ایک حصہ انسانوں

کی جسمانی ضروریات اور ان کے عظیم لشکریوں اور کارکنوں کی جمعیت کے ساتھ تعلق رکھتا تھا۔

જે કંઈ કાર્ય જિન્નાત કરતા હતા સુલયમાન (અ.) માટે, તે તો બસ આ ઈબાદતખાનાઓ બનાવવાનું કાર્ય, અને બીજું સમાજસેવાનું કાર્ય છે, જેના કારણે સમાજમાં કલ્યાણ થાય.

بہر حال سلیمانؑ کے یہ فعال اور چابک دست کارندے بڑے بڑے باشکوہ عبادت خانے، کہ جو حکومت الہیہ اور اس کی مذہبی سلطنت کے لائق تھے، اس لئے بناتے تھے تاکہ لوگ راحت و آرام کے ساتھ اپنے عبادت کے فرائض کو انجام دے سکیں۔

ઈબાદતખાનાઓ બનાવવાનું તેમનું મુખ્ય કાર્ય હતું.

تماثیل کہ جس کا نام قرآن میں لیا گیا ہے 'تمثال' کی جمع ہے۔ یہ بیل بوٹو اور تصویر کے معنی میں آیا ہے، اور مجسمہ کے معنی میں بھی۔ اس بارے میں کہ یہ مجسمے یا نقوش کون سے موجودات کی صورتیں تھیں، اور سلیمانؑ نے ان کی تیاری کا حکم کیوں دیا تھا، مختلف تفسیریں بیان کی گئی ہیں۔

બીજું કાર્ય જે કરતા હતા, તે તમાસીલનું હતું. તે તમાસીલ બનાવતા હતા. તમાસીલનો અર્થ શું? તો અહીં લખવામાં આવ્યું છે, શબ્દકોષમાં તમાસીલનો અર્થ — જે બહુવચન છે અને તેનું એકવચન છે તિમ્સાલ — તિમ્સાલનો અર્થ તસ્વીર અથવા મુજસ્સમા. મુજસ્સમા કોને કહેવાય? નેતાઓના મુજસ્સમા આપણે ચાર રસ્તાઓ ઉપર જોઈએ છીએ, આ ગાંધીજીનો મુજસ્સમો, આ નહેરુનો મુજસ્સમો. આ જે મુજસ્સમા હોય એવી વસ્તુઓ પણ બનાવી આપતા હતા સુલયમાન (અ.)ને. હવે આ બધું, આ બન્ને તમાસીલ સુલયમાન (અ.) શા માટે બનાવતા હતા? આ વિષે તફસીરકારો જુદી જુદી થિયરી ઘડી આપે છે. આપણે જોઈએ શું છે તેમની થિયરી.

ممکن ہے کہ یہ زیب و زینت اور سجاوٹ کا پہلو رکھتے ہوں،

એક સંભાવના એ છે કે સજાવટ માટે, મોટી મોટી જે ઈમારતો બનાવે તેમાં સજાવટ માટે પણ તૈયાર કરતા હોય.

جیسا کہ ہماری اہم قدیمی بلکہ جدید عمارتوں میں بھی نظر آتا ہے۔

આપણે હાલ પણ જે ઈમારતો બનાવીએ છીએ, તેમાં તસ્વીરો લગાવીએ છીએ.

یا یہ ان عمارتوں کا رعب اور دبدبہ بڑھانے کے لئے ہوں، کیونکہ کچھ حیوانات مثلاً شیر کی تصویر، بہت سے لوگوں کے افکار میں رعب و دبدبہ پیدا کرنے والی ہے۔

અથવા તો કોઈ સારી એવી જગ્યા હોય તેનો વટ વધારવા માટે કોઈ શેરનો મુજસ્સમો ત્યાં

سے جکڑا ہوا تھا۔"

(સૂરા સાદ, આયત-૩૮)

કુરઆન શરીફ ફરમાવે છે કે, શયતાનનું એક ટોળું તો એવું કે નોકરી કરતું હતું, હુકમબરદારી કરતું હતું. બીજું ટોળું એવું કે ઝંજીરોમાં જકડાયેલું હતું.

چوتھی نعمت اللہ تعالیٰ نے حضرت سلیمانؑ کو یہ دی تھی کہ انہیں بہت سے اختیارات دے رکھے تھے کہ جن کی وجہ سے کسی کو کچھ عطا کرنے یا نہ کرنے میں وہ صاحب اختیار تھے۔

એટલી બધી નેઅમતો આપી દીધી હતી કે કોને આપવું ને કોને ન આપવું, બધો એ નિર્ણય લઈ શકતા હતા. બધા ઉપર કાદિર હતા.

جیسا کہ قرآن نے کہا ہے کہ: "(ہم نے اس سے کہا:) یہ ہماری عطا و بخشش ہے جسے تو (مصلحت کے مطابق) چاہتا ہے عطا کر اور جس سے تو (مصلحت کے مطابق) روکنا چاہتا ہے روک لے تجھ پر کوئی حساب نہیں ہے۔"

(સૂરા સાદ, આયત-૩૯)

અલ્લાહે આઝાદ છોડી દીધેલા. આ બધી નેઅમતો તમારા હાથમાં. સુલયમાન (અ.)ને અલ્લાહે આમ આઝાદી આપી હતી. જેને આપે તો તારી મરજી અને જેને ન આપવાનું ઈચ્છે તો તારી મરજી.

پانچویں نعمت جو اللہ نے حضرت سلیمانؑ کو دی

લાવીને મૂકી દીધો હોય, તો લોકો તેને વધારે માન આપે એવા કોઈ કાર્ય માટે કરતા હશે.

### شیاطین زنجیروں میں

કુરઆન શરીફ વર્ણન કરે છે કે શયતાન ઝંજીરોમાં, સાંકળોમાં જકડાયેલા હતા. કઈ રીતે?

تیسری نعمت اللہ نے حضرت سلیمانؑ کو یہ عنایت کی تھی کہ انہوں نے تخریب کار اور فسادی قوتوں پر قابو پا رکھا تھا،

જે ખરાબી કરે, તોડફોડ કરે, તેવા શયતાનોને સુલયમાન (અ.) વશમાં લઈ લેતા હતા.

کیونکہ بہر حال بعض شیاطین ایسے بھی تھے کہ جن سے ایک مفید اور اصلاحی قوت کے طور پر کام نہیں لیا جا سکتا تھا،

કેટલાક જિદ્દી જિન્નાત, શયતાનો એવા પણ હતા કે જેઓ સુલયમાન (અ.)નો હુકમ માનતા જ ન હતા. હુકમ કરે અને કામ જ ન કરે, તો તેમને પછી સાંકળોમાં જકડી નાખે.

اور اس کے علاوہ کوئی چارۂ کار بھی نہ تھا کہ وہ قید بند میں رہیں تاکہ معاشرہ ان کی مزاحمت سے پیدا ہونے والے شر سے محفوظ رہے۔

તો એવા શયતાનોને સુલયમાન (અ.) સાંકળમાં કેદ કરી નાખતા હતા.

جیسا کہ قرآن میں بیان ہوا ہے کہ: "اور شیطانوں کا ایک اور گروہ اس کے قابو میں زنجیروں

હુસ્ને મઆબ — એટલે જેને અલ્લાહે ખુશનસીબી આપેલી હોય — આવા લકબથી કુરઆન શરીફે સુલયમાન (અ.)ને નવાજ્યા છે. આનો અર્થ એમ કે ખુશનસીબીવાળા પયગમ્બર, એટલે જેમની નજાતમાં કોઈ શંકા જ ન હોય, તો જ ખુશનસીબી હોય ને. તો આવી રીતે જે દંતકથાઓમાં આડીઅવળી વાતો લખે છે તેમને કુરઆન શરીફ જવાબ આપે છે.

موجودہ توریت یہاں تک کہتی ہے کہ انہوں نے بت خانہ بنایا تھا، لیکن قرآن 'حسن مآب' کہہ کر ان تمام اوہام و خرافات پر خط بطلان کھینچ رہا ہے۔

એટલે કેટલીક દંતકથાઓમાં આવું પણ છે કે તેમણે બુતખાનું બનાવી દીધું હતું અને થોડાક સમય માટે બુતપરસ્તી તરફ માઇલ થઈ ગયા હતા. તેમને શોખ આવી ગયો હતો. આ બધી વાતો ખોટી છે. કુરઆન શરીફ આમ જાહેર કરે છે. (ક્રમશ:)


જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**

જાફરી આવાઝ (માસિક) ઑફિસ

મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.

મોબાઈલ: **84604 92429**


وہ ان کا روحانی مقام تھا،

પાંચમી નેઅમત જે અલ્લાહે આપી એ તેમનો રૂહાની મકામ હતો. મકામ એટલે મર્તબો.

کہ جو اللہ نے ان کی اہلیت و قابلیت کی بناء پر انہیں مرحمت فرمایا تھا۔ جیسا کہ زیر بحث گفتگو میں قرآن نے اس کی طرف اشارہ کیا ہے: "اس کے لئے ہمارے پاس بلند مقام اور نیک انجام ہے۔"

(સૂરા સાદ, આયત–૪૦)

એમનો મર્તબો એ પાંચમી નેઅમત.

یہ جملہ در حقیقت ان لوگوں کو جواب ہے جنہوں نے اس عظیم نبی کے مقام مقدس پر طرح طرح کی ناروا اور بیہودہ تہمتیں لگانے میں موجودہ توریت کی پیروی کی۔

એટલે દંતકથાઓમાં જે જે કુરઆન શરીફથી વિરુદ્ધ સુલયમાન (અ.) વિષે આડીઅવળી વાતો લખવામાં આવી છે, તેનો કુરઆન શરીફ જવાબ આપે છે, કે બુલંદ મર્તબાવાળા પયગમ્બર હતા, તો આડીઅવળી વાતો જે પણ તમે દંતકથાઓમાં સાંભળો, તે ખોટી છે.

اس آیت میں قرآن حضرت سلیمانؑ کو تمام تہمتوں سے مبرا قرار دے رہا ہے اور خدا کے یہاں ان کے معزز مقام کی خبر دے رہا ہے، یہاں تک کہ 'حسن مآب' کہہ کر ان کے انجام بخیر کی خبر بھی دی۔

તંત્રી લેખ

# કુરઆનમાં ઉલ્લેખ થયેલાં જાનવરો

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

### (૭) કૂતરો – Dog – اَلْكَلْبُ

અલ્લાહ તઆલા દ્વારા એ લોકો માટે કૂતરાના ઉદાહરણનો ઉપયોગ કરવામાં આવ્યો છે કે જેઓ અલ્લાહની વાતને સાંભળતા નથી. જ્યારે આવા લોકોને દુષ્ટ કાર્યો ન કરવાનું કહેવામાં આવે છે, તો તેઓ સાંભળતા નથી, અને જ્યારે તેમને એકલા છોડી દેવામાં આવે છે, તો એવી જ રીતે વર્તે છે. જેવી રીતે કૂતરાનો સ્વભાવ હોય છે કે તે પોતાની જીભને ત્યારે લબડાવે છે કે જ્યારે તેના પર હુમલો કરવામાં આવે છે અને જ્યારે તેને એકલો છોડી દેવામાં આવે છે. દુષ્ટ લોકોનો સ્વભાવ એવો હોય છે કે અલ્લાહ શું કહે છે તે તેઓ કદી સાંભળશે જ નહીં.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

مَثَلُهٗ كَمَثَلِ الْكَلْبِ ۚ اِنْ تَحْمِلْ عَلَيْهِ يَلْهَثْ اَوْ تَتْرُكْهُ
يَلْهَثْ ؕ ذٰلِكَ مَثَلُ الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا ۚ

*(...માટે તેનો દાખલો (તે) કૂતરાના દાખલા જેવો થઈ ગયો કે જો તું તેના પર હુમલો કરે તો તે (તારી સામે) જીભ કાઢે, અને તું તેને જતો કરે, તો પણ જીભ કાઢે; આ તે લોકોનો દાખલો છે કે જેઓ અમારી આયતોને જુઠલાવે છે...)*

(સૂરા અઅરાફ, આયત–૧૭૬)

### (૮) હાથી – Elephant – اَلْفِيْل

અબ્રાહા નામનો એક દુષ્ટ બાદશાહ હતો કે જે એક વખત પોતાના એક મોટા હાથી (અથવા કેટલાક હાથીઓ) સાથે કા'બા શરીફનો નાશ કરવા માટે આવ્યો હતો. તેની ઈચ્છા એવી હતી કે લોકો કા'બામાં આવવાનું બંધ કરે અને એના બદલે તેણે બંધાવેલ દેવળમાં ઈબાદત કરવા માટે આવે. જ્યારે તેણે કા'બાનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો, તો અલ્લાહે (અબાબીલ નામનાં) નાનાં પક્ષીઓનું એક ટોળું મોકલ્યું કે જેમણે પોતાના મોઢામાં અને પંજામાં નાના કાંકરા પકડેલા હતા. જ્યારે કાંકરા અબ્રાહાના લશ્કર પર ફેંકવામાં આવ્યા, તો ઘણાબધા હાથીઓ અને સૈનિકો મૃત્યુ પામ્યા. અબ્રાહા પોતે પણ નાસી ગયો.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

اَلَمْ تَرَ كَيْفَ فَعَلَ رَبُّكَ بِاَصْحٰبِ الْفِيْلِ ۝١ اَلَمْ يَجْعَلْ كَيْدَهُمْ
فِيْ تَضْلِيْلٍ ۝٢ وَّاَرْسَلَ عَلَيْهِمْ طَيْرًا اَبَابِيْلَ ۝٣ تَرْمِيْهِمْ
بِحِجَارَةٍ مِّنْ سِجِّيْلٍ ۝٤ فَجَعَلَهُمْ كَعَصْفٍ مَّاْكُوْلٍ ۝٥

*(શું ન જોયું તેં કે કેવી રીતે કર્યું તારા રબે હાથીના લોકો સાથે? શું તેણે ન બનાવી દીધી તેમની*

*કોશિશને નિષ્ફળ? અને તેણે મોકલ્યાં તેમની ઉપર પક્ષીઓ અબાબીલ. તેમના ઉપર વરસાવ્યા પથ્થરો શેકેલી માટીના. પછી બનાવી દીધા તેમને જાણે કે ચવાયેલું ઘાસ.)*

(સૂરા ફીલ, આયત–૧ થી ૫)

**(૯) ઘેટી / મેંઢી – Ewes (female sheep) – نَعْجَةٌ**

હઝરત દાવૂદ (અ.) બાદશાહ પણ હતા અને અલ્લાહના નબી પણ હતા. તેઓ હંમેશાં લોકોની દલીલોનો નિકાલ લાવતા હતા. નીચેની આયત આવા જ એક મસઅલાનું વર્ણન કરે છે કે જે તેમને પૂછવામાં આવ્યો હતો.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

إِنَّ هَٰذَا أَخِي لَهُ تِسْعٌ وَتِسْعُونَ نَعْجَةً وَلِيَ نَعْجَةٌ وَاحِدَةٌ
فَقَالَ أَكْفِلْنِيهَا وَعَزَّنِي فِي الْخِطَابِ ﴿٢٣﴾ قَالَ لَقَدْ
ظَلَمَكَ بِسُؤَالِ نَعْجَتِكَ إِلَىٰ نِعَاجِهِ ...

*(નિ:સંશય આ મારો ભાઈ છે; તેની પાસે નવ્વાણું ઘેટીઓ (મેંઢીઓ) છે, અને મારી પાસે એક જ મેંઢી છે; છતાં તે મને કહે છે, "તે એક મેંઢી પણ મને સોંપી દે, અને (વળી) વાતચીત કરવામાં પણ તે મને દબાવે છે." (દાવૂદ (અ.)એ) ફરમાવ્યું, "ખરેખર તેણે પોતાની આટલી (બધી) મેંઢીઓ હોવા છતાં તારી એક મેંઢી પણ તારી પાસે માગવામાં તારા ઉપર જુલ્મ કર્યો છે...")*

(સૂરા સાદ, આયત–૨૩ અને ૨૪)

**(૧૦) માછલી – Fish – الْحُوتُ**

અલ્લાહના નબી હઝરત યૂનુસ (અ.)ને એક એવા નગરમાં મોકલવામાં આવ્યા હતા કે જ્યાં લોકો તેમની વાતને સાંભળતા જ ન હતા. તેમણે ઘણા લાંબા સમય સુધી લોકોને અલ્લાહ અને તેના પયગામ વિષે તાલીમ આપવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેમણે પોતાની જૂની રીતભાતને ચાલુ રાખી. છેવટે તેમણે ગુસ્સામાં આવીને તેમને છોડી દીધા.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

وَإِنَّ يُونُسَ لَمِنَ الْمُرْسَلِينَ ﴿١٣٩﴾ إِذْ أَبَقَ إِلَى الْفُلْكِ
الْمَشْحُونِ ﴿١٤٠﴾ فَسَاهَمَ فَكَانَ مِنَ الْمُدْحَضِينَ ﴿١٤١﴾
فَالْتَقَمَهُ الْحُوتُ وَهُوَ مُلِيمٌ ﴿١٤٢﴾ فَلَوْلَا أَنَّهُ كَانَ مِنَ
الْمُسَبِّحِينَ ﴿١٤٣﴾ لَلَبِثَ فِي بَطْنِهِ إِلَىٰ يَوْمِ يُبْعَثُونَ ﴿١٤٤﴾

*(અને ખરેખર યૂનુસ મુર્સલીનમાંથી હતો. જ્યારે તેણે તેના લોકોને છોડી દીધા, અને ભરેલી કશ્તી તરફ ચાલ્યો ગયો, પછી તેણે કુરઆ ફેંક્યા અને હારી ગયો, પછી મોટી માછલી તેને ગળી ગઈ, અને તે તેના લાયક હતો. તો જો તે તસ્બીહ કરનારાઓમાંથી ન હોત તો તે કયામતના દિવસ સુધી તેના પેટમાં રહેત.)*

(સૂરા સાફ્ફાત, આયત–૧૩૯ થી ૧૪૪)

**(૧૧) માખી – Fly – ذُبَابًا**

મક્કાના બુતપરસ્તો પોતાના બુતોની આગળ મધ મૂકતા અને જ્યારે તે મધ બીજી સવારે ગાયબ થઈ જતું, તો તેઓ મૂર્ખાઈભરી રીતે કહેતા કે બુતોએ તે મધને ખાઈ લીધું છે. ખરેખર તો તે મધ

માખીઓએ ખાઈ લીધું હોય છે. અલ્લાહ તઆલા આ નાનકડા જંતુના ઉદાહરણનો ઉપયોગ એવું બતાવવા માટે કરે છે કે માણસ કેટલો બધો અશકત છે.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

يَآاَيُّهَا النَّاسُ ضُرِبَ مَثَلٌ فَاسْتَمِعُوْا لَهٗ ؕ اِنَّ الَّذِيْنَ
تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ لَنْ يَّخْلُقُوْا ذُبَابًا وَّلَوِ اجْتَمَعُوْا لَهٗ ؕ
وَاِنْ يَّسْلُبْهُمُ الذُّبَابُ شَيْـًٔا لَّا يَسْتَنْقِذُوْهُ مِنْهُ ؕ ضَعُفَ
الطَّالِبُ وَالْمَطْلُوْبُ ﴿٧٣﴾

*(અય લોકો! એક દાખલો વર્ણવવામાં આવે છે, તે ધ્યાનપૂર્વક સાંભળી લો. એમાં સંદેહ નથી કે જેમને તમે અલ્લાહના સિવાય પોકારો છો, તેઓ એક માખી પણ પેદા કરી શકતા નથી, પછી ભલે ને તે માટે તેઓ સઘળા એકત્ર થઈ જાય; અને જો તેમની પાસેથી માખી કોઈ વસ્તુ ખૂંચવી લઈ જાય, તો પણ તેઓ તેની પાસેથી તે (વસ્તુ) છોડવી શકે નહીં; (સારાંશ એ કે) માગનાર (પૂજારી) અને જેમની પાસે માગવામાં આવે છે (માઅબૂદ) તેઓ બન્ને નિર્બળ છે.)*

(સૂરા હજ, આયત–૭૩)

### (૧૨) દેડકાં – Frogs – الضَّفَادِعَ

મિસ્રના લોકોએ હઝરત મૂસા (અ.)ની હિદાયતને સાંભળવાનો ઈન્કાર કરી દીધો અને તેથી અલ્લાહ તઆલાએ તેમની ખુલ્લી અવગણના માટે તેમને સજા કરી. લોકો હઝરત મૂસા (અ.) પાસે દોડતા દોડતા આવ્યા અને તેમના દુઃખમાં મદદ કરવા માટે વિનંતી કરવા લાગ્યા. જો કે, જેવી અલ્લાહે તેમને રાહત આપી કે તરત જ તેઓ પોતાની જૂની રીતભાત પર આવી ગયા.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

فَاَرْسَلْنَا عَلَيْهِمُ الطُّوْفَانَ وَالْجَرَادَ وَالْقُمَّلَ وَالضَّفَادِعَ
وَالدَّمَ اٰيٰتٍ مُّفَصَّلٰتٍ فَاسْتَكْبَرُوْا وَكَانُوْا قَوْمًا مُّجْرِمِيْنَ ﴿١٣٣﴾


*(જેથી અમોએ તેમના પર તોફાન મોકલ્યું અને તીડો તથા જૂ તથા દેડકાં તથા લોહીનું (તોફાન મોકલ્યું), આ (દરેક અમારી કુદરતની) પ્રત્યક્ષ નિશાનીઓ હતી; વળી તેઓ અભિમાની જ રહ્યા અને (ખરેખર) તેઓ પાપી લોકો હતા.)*

(સૂરા અઅરાફ, આયત–૧૩૩) (ક્રમશ:)




# ગડમથલ

**૩૮૩** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) પ્રતીક, ચિહ્ન, નિશાની, સંકેત (૪)
(૪) ઝવેરાત, 'જૌહર'નું બહુવચન (૫)
(૭) ફરિશ્તો, દેવદૂત, દેવતા (૩)
(૮) જિન્નાતનું એકવચન (૨)
(૯) ચાંદ, ચંદ્ર, ચાંદો, ચંદ્રમા (૪)
(૧૧) બંદગી, ઉપાસના, આરાધના (૪)
(૧૩) ભીનાશ, ભેજ (૨)
(૧૪) ધર્મ માટે લડનાર, ધર્મયોદ્ધો (૨)
(૧૫) કાઠું, શરીરની લંબાઈ કે ઊંચાઈ (૨)
(૧૭) કાણું, બાકોરું, ફાટ, ચીરો (૩)
(૨૦) ત્યાં અલી (અ.)ને મૌલા બનાવ્યા (૩)
(૨૨) તે મુસલમાનો પાંચ ટાઈમ પઢે છે (૩)
(૨૪) રોજી આપનાર, ખુદા, અલ્લાહનું નામ (૨)
(૨૫) કતલનું મેદાન, રણભૂમિ (૪)
(૨૮) ત્યાંથી હાજી લોકો એહરામ પહેરે છે (૩)
(૩૦) નબુવ્વત લાવનાર, પયગમ્બર (૨)
(૩૧) સાચું, ખરું, વાજબી, સત્ય (૨)
(૩૨) શમશેર, ખડગ, તરવાર (૪)
(૩૩) દૂધપીતું બાળક, દૂધમલ બાળક (૪)
(૩૬) પર, ઉપર, નજીક, ફળ (૨)
(૩૭) નિત્યતા, શાશ્વતતા, અસ્તિત્વ (૨)
(૩૮) શબ, મડદું, પાર્થિવ દેહ (૨)
(૩૯) અવાજ, ધ્વનિ, સૂર (૨)

## ઊભી ચાવીઓ

(૧) ઈચ્છા, ઉત્કંઠા, અભિલાષા (૪)
(૨) મમત્વ, મારાપણું, ભાવ, હેત, મોહ (૩)
(૩) અતિ ઉગ્ર લાલસા ધરાવનાર (૩)
(૫) 'વાજિબ' શબ્દનું બહુવચન (૪)
(૬) મુસાફરીમાં રસ્તો કાપવો, પૂરું કરવું (૨)
(૧૦) સદાચારી, પ્રશંસિત, એક નામ (૩)
(૧૨) ભાગ્ય, નસીબ, કિસ્મત (૪)
(૧૬) એક જગ્યાએથી બીજી જગ્યાએ, દ્વારે દ્વારે (૩)
(૧૮) સુખ, આરામ, શાંતિ, સરળતા (૩)
(૧૯) બાર ઈમામને માનવાવાળો (૩)
(૨૧) સાથે બેસવાની ક્રિયા (૫)
(૨૩) ખેરાત, દાન, મુસ્લિમ ધાર્મિક ટૅક્સ (૩)
(૨૬) મોટું, મહાન, શ્રેષ્ઠ, ઉત્તમ (૩)
(૨૭) લસરવાની ક્રિયા, સંબંધ, લગાવ (૪)
(૨૯) તલપ, અતિ ઉગ્ર લાલસા (૩)
(૩૪) સ્વપ્ન, સપનું (૨)
(૩૫) મુસીબત, વિપત્તિ, આપત્તિ (૨)



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## અલ્લાહનાં વખાણ પોતાની ભાષામાં

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَابۡتَغُوۡۤا
اِلَيۡهِ الۡوَسِيۡلَةَ وَجَاهِدُوۡا فِىۡ سَبِيۡلِهٖ
لَعَلَّكُمۡ تُفۡلِحُوۡنَ ﴿۳۵﴾

❁ અય ઈમાન લાવનારાઓ! અલ્લાહનો ભય રાખો અને તેના સુધી (પહોંચવા)નો આધાર શોધો તથા તેના માર્ગમાં અંત:કરણપૂર્વક પ્રયત્ન કરો કે જેથી તમે સફળતા મેળવો.

**(સૂરા માએદાહ, આયત–૩૫)**

---

لَا تُدۡرِكُهُ الۡاَبۡصَارُ وَهُوَ يُدۡرِكُ الۡاَبۡصَارَ‌ۚ
وَهُوَ اللَّطِيۡفُ الۡخَبِيۡرُ ﴿۱۰۳﴾

❁ (માણસોની) દૃષ્ટિમર્યાદા તેના સુધી પહોંચી શકતી નથી, જ્યારે તે (પ્રત્યેક) દૃષ્ટિને નિહાળે છે; તે અત્યંત સૂક્ષ્મદર્શી અને ખબરદાર છે.

**(સૂરા અન્આમ, આયત–૧૦૩)**

---

وَتَمَّتۡ كَلِمَتُ رَبِّكَ صِدۡقًا وَّعَدۡلًا‌ ؕ
لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ‌ ۚ وَهُوَ السَّمِيۡعُ
الۡعَلِيۡمُ ﴿۱۱۵﴾

❁ અને તારા પરવરદિગારનું કથન સત્ય અને ન્યાયની રૂએ પૂર્ણ થઈ ગયું છે; તેનાં કથનોને બદલનાર કોઈ નથી, અને તે મોટો સાંભળનારો (તથા) જાણનારો છે.

**(સૂરા અન્આમ, આયત–૧૧૫)**

---

فَمَنۡ يُّرِدِ اللّٰهُ اَنۡ يَّهۡدِيَهٗ يَشۡرَحۡ صَدۡرَهٗ

❁ પછી અલ્લાહ જેને હિદાયત આપવા ચાહે છે, તેની છાતી ઈસ્લામ (સ્વીકારવા) માટે વિશાળ

| | |
|---|---|
| لِلۡاِسۡلَامِ ۚ وَمَنۡ يُّرِدۡ اَنۡ يُّضِلَّهٗ يَجۡعَلۡ صَدۡرَهٗ ضَيِّقًا حَرَجًا كَاَنَّمَا يَصَّعَّدُ فِى السَّمَآءِ ؕ كَذٰلِكَ يَجۡعَلُ اللّٰهُ الرِّجۡسَ عَلَى الَّذِيۡنَ لَا يُؤۡمِنُوۡنَ ﴿۱۲۵﴾ | કરી મૂકે છે, અને જેના વિષે હિદાયતની પ્રેરણા ખૂંચવી લેવા ચાહે છે, તેની છાતી સંકુચિત કરી મૂકે છે (અને ઈમાનનો સ્વીકાર તેના માટે એવો અસહ્ય થઈ જાય છે કે) જાણે તે આકાશ પર ચઢતો હોય;[1] એવી રીતે અલ્લાહ તે લોકો કે જેઓ ઈમાન નથી રાખતા તેમના પર અપવિત્રતા નાખે છે. **(સૂરા અન્આમ, આયત–૧૨૫)** |
| وَاِذۡ اَخَذَ رَبُّكَ مِنۡۢ بَنِىۡۤ اٰدَمَ مِنۡ ظُهُوۡرِهِمۡ ذُرِّيَّتَهُمۡ وَاَشۡهَدَهُمۡ عَلٰٓى اَنۡفُسِهِمۡ ۚ اَلَسۡتُ بِرَبِّكُمۡ ؕ قَالُوۡا بَلٰى ۛۚ شَهِدۡنَا ۛۚ اَنۡ تَقُوۡلُوۡا يَوۡمَ الۡقِيٰمَةِ اِنَّا كُنَّا عَنۡ هٰذَا غٰفِلِيۡنَ ۙ﴿۱۷۲﴾ | ۞ અને (તે સમયને યાદ કર) જ્યારે કે તારા પરવરદિગારે આદમની ઓલાદમાંથી તેમની પીઠમાંથી તેમના (અનેક) વંશજો પેદા કર્યા, અને તેમના માટે ખુદ તેમને જ સાક્ષી ઠરાવ્યા, (અને પછી તેમને સવાલ કર્યો કે) "શું હું તમારો પરવરદિગાર નથી?" સર્વેએ અરજ કરી કે "બેશક, તું (અમારો પરવરદિગાર) છે, (જેની) અમે સાક્ષી પૂરીએ છીએ. (આ સાક્ષી) એટલા માટે કે કયામતના દિવસે કયાંક તમને એમ કહેવું ન પડે કે અમે તો એનાથી અજ્ઞાત હતા." **(સૂરા અઅરાફ , આયત–૧૭૨)** |
| وَمَا كَانَ اللّٰهُ لِيُضِلَّ قَوۡمًاۢ بَعۡدَ اِذۡ هَدٰٮهُمۡ حَتّٰى يُبَيِّنَ لَهُمۡ مَّا يَتَّقُوۡنَ ؕ اِنَّ اللّٰهَ بِكُلِّ شَىۡءٍ عَلِيۡمٌ ﴿۱۱۵﴾ | ۞ અને અલ્લાહનું આ કામ નથી કે કોઈ કોમને હિદાયત કર્યા પછી તેનાથી હિદાયતની પ્રેરણા ખૂંચવી લે, જ્યાં સુધી કે તેમના પર (આ) ખુલ્લું કરી ન નાખે કે તેમણે કઈ કઈ વસ્તુઓથી બચવું જોઈએ; બેશક, અલ્લાહ દરેક વસ્તુથી સારી પેઠે વાકેફ છે. **(સૂરા તૌબા, આયત–૧૧૫)** |

1 નાસ્તિકોને ઈસ્લામ સ્વીકારવું એવું ભારે પડે છે કે જેવું કે કોઈ ઊભા ચઢાણ પર ચડતો હોય.

# ગુરરુલ હિકમ

غُرَرُ الحِکَم

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)

(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ એડ. જાફરી



## સચ્ચાઈ

۱۸۔ طَلَبُ التَّعَاوُنِ عَلٰی اِقَامَةِ الْحَقِّ دِیَانَةٌ وَّاَمَانَةٌ

૧૮. સચ્ચાઈ સ્થાપિત કરવામાં એકબીજાની સહાય કરવી દીનદારી અને અમાનતદારી છે.

۱۹۔ عَلَیْکُمْ بِمُوْجِبَاتِ الْحَقِّ فَالْزَمُوْهَا، وَاِیَّاکُمْ وَمُحَالَاتِ التُّرَهَاتِ

૧૯. તમારા માટે આવશ્યક છે કે તમે સચ્ચાઈ ઉપર અમલ કરો અને તેની અવગણના ન કરો અને જુઠ્ઠાણાની જાળમાં ફસાઓ નહીં.

۲۰۔ عَوْدُكَ اِلَی الْحَقِّ خَیْرٌ مِنْ تَمَادِیْكَ فِی الْبَاطِلِ

૨૦. જુઠ્ઠાણાને વળગી રહેવા કરતાં સચ્ચાઈ તરફ પાછા ફરવું વધારે સારું છે.

۲۱۔ عَوْدُكَ اِلَی الْحَقِّ وَاِنْ تَعِبْتَ خَیْرٌ مِنْ رَاحَتِكَ مَعَ لُزُوْمِ الْبَاطِلِ

૨૧. તમારું હકની તરફ પાછા ફરવું, ભલે પછી તેમાં દુ:ખ અને પીડા સમાયેલી હોય, એવા એશઆરામથી બહેતર છે કે જે જુઠ્ઠાણાની સાથે હોય.

۲۲۔ فِیْ لُزُوْمِ الْحَقِّ تَکُوْنُ السَّعَادَةُ

૨૨. સચ્ચાઈનો સાથ આપવામાં સમૃદ્ધિ છે.

۲۳۔ فَارِقْ مَنْ فَارَقَ الْحَقَّ اِلٰی غَیْرِهِ، وَدَعْهُ وَمَا رَضِیَ لِنَفْسِهِ

૨૩. એનો ત્યાગ કરો કે જેણે સચ્ચાઈને ત્યાગીને બીજું કાંઈક અપનાવ્યું છે, અને જે બાબતને તેણે પોતાના માટે પસંદ કરી છે, તેને પણ છોડી દો.

۲۴۔ قَلِیْلُ الْحَقِّ یَدْفَعُ کَثِیْرَ الْبَاطِلِ کَمَا اَنَّ الْقَلِیْلَ مِنَ النَّارِ یُحْرِقُ کَثِیْرَ الْحَطَبِ

૨૪. થોડી પણ સચ્ચાઈ અધિક પ્રમાણમાં જુઠ્ઠાણાનો નાશ કરે છે, જેમ થોડી પણ

આગ લાકડાના જથ્થાને બાળી નાખે છે.

٢٥- قُوْلُوا الْحَقَّ تَغْنَمُوْا، وَاسْكُتُوْا عَنِ الْبَاطِلِ تَسْلَمُوْا

૨૫. સત્યવચન ઉચ્ચારીને તેનો લાભ લો, અને અસત્ય ન બોલો કે જેથી તમે સુરક્ષિત રહો.

٢٦- لِلْحَقِّ دَوْلَةٌ

૨૬. સચ્ચાઈને માટે દોલત છે.

٢٧- لِيَكُنْ مَوْئِلُكَ اِلَى الْحَقِّ، فَاِنَّ الْحَقَّ اَقْوٰى مُعِيْنٍ

૨૭. સચ્ચાઈ તમારો આશરો હોવો જોઈએ, કારણ કે સચ્ચાઈ સૌથી મજબૂત ટેકો છે.

٢٨- لَنْ يُدْرِكَ النَّجَاةَ مَنْ لَمْ يَعْمَلْ بِالْحَقِّ

૨૮. જે સચ્ચાઈ નથી અપનાવતો, તેને કદી નજાત મળશે નહીં.

٢٩- مَنْ عَمِلَ بِالْحَقِّ غَنِمَ

૨૯. જેણે સચ્ચાઈ પર અમલ કર્યો, તેણે પુષ્કળ નફો મેળવ્યો.

٣٠- مَنْ عَمِلَ بِالْحَقِّ رَبِحَ

૩૦. જેણે સચ્ચાઈ પર અમલ કર્યો, તેને લાભ મળ્યો.

٣١- مَنْ عَمِلَ بِالْحَقِّ نَجَا

૩૧. જેણે સચ્ચાઈ પર અમલ કર્યો, તેને નજાત મળી.

٣٢- مَنْ عَمِلَ بِالْحَقِّ اَفْلَحَ

૩૨. જેણે સચ્ચાઈ પર અમલ કર્યો, તે સફળ થયો.

٣٣- مَنْ صَارَعَ الْحَقَّ صُرِعَ

૩૩. જે સચ્ચાઈથી ટકરાય છે, તે પરાજિત થાય છે.

٣٤- مَنْ قَالَ بِالْحَقِّ صُدِّقَ

૩૪. જે સચ્ચાઈપૂર્વક બોલે છે, તેની તસ્દીક કરવામાં આવે છે.

٣٥- مَنْ غَالَبَ الْحَقَّ غُلِبَ

૩૫. જે હક ઉપર આધિપત્ય જમાવે છે, તે પરાજિત થાય છે.

٣٦- مَنْ حَارَبَ الْحَقَّ حُرِبَ

૩૬. જે સચ્ચાઈ સામે યુદ્ધ કરે છે, તેનો સર્વનાશ થાય છે.

٣٧- مَنْ عَانَدَ الْحَقَّ قَتَلَهُ (صَرَعَهُ)

૩૭. જે સચ્ચાઈનો વિરોધ કરે છે, તે હલાક થાય છે.

٣٨- مَنْ عَانَدَ الْحَقَّ لَزِمَهُ الْوَهْنُ

૩૮. જે સચ્ચાઈનો વિરોધ કરે છે, તે નબળો પડે છે.

٣٩- مَنْ عَانَدَ الْحَقَّ كَانَ اللّٰهُ خَصْمَهُ

૩૯. જે સચ્ચાઈથી દુશ્મની કરે છે, અલ્લાહ તેનો દુશ્મન થઈ જાય છે.



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نهج الاسرار

# નહ્જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

(ગતાંકનું ચાલુ)

## મોહંમદ ઈબ્ને અબી બક્રના નામે કાર્યપદ્ધતિ, મુલ્કની વ્યવસ્થા અને કર્તવ્યોના બાબતે

એક વખતે એક વ્યકિતએ રસૂલલ્લાહ (સ.)ને અરજ કરી કે, “યા રસૂલલ્લાહ (સ.)! હું ઘોડાઓને પસંદ કરું છું, શું જન્નતમાં ઘોડા પણ હશે?” ફરમાવ્યું, “હા, એની કસમ કે જેની કુદરતમાં મારી જાન છે, જન્નતમાં રાતા યાકૂતના ઘોડા હશે કે જેમના પર સવાર થઈને સંતોષની સાથે લોકો જન્નતનાં વૃક્ષો દરમિયાન સૈર કરશે.” એ માણસે અરજ કરી કે, “યા રસૂલલ્લાહ (સ.)! હું મધુર સ્વરને પસંદ કરું છું. શું જન્નતમાં એવા સૂરીલા અવાજો હશે?” ફરમાવ્યું કે, “હા. એ કે જેની કુદરતના કબજામાં મારી જાન છે, બેશક, અલ્લાહ એના માટે કે જે પસંદ કરે છે, હુકમ આપશે અને તે તસ્બીહમાંથી એવી સરસ અવાજો સંભળાશે કે તેના કાને કદી સાંભળ્યા ન હોય.” પછી એ માણસે અરજ કરી કે, “યા રસૂલલ્લાહ (સ.)! હું ઊંટને ખૂબ જ પસંદ કરું છું. શું જન્નતમાં ઊંટ પણ છે?” ફરમાવ્યું કે, “હા, એ કે જેની કુદરતમાં મારો જીવ છે, જન્નતમાં રાતા યાકૂતના ઉમદા ઊંટ છે કે જેમના પર અંબાડીઓ હશે અને રેશમના તકીયા લાગેલા હશે. એમના પર સવાર થઈને લોકો જન્નતનાં ઝાડોની અંદર ખુશીઓ મનાવતાં પસાર થશે. એમાં સ્ત્રીઓ અને પુરુષો હશે કે જે જન્નતની સવારીઓ પર સવાર થયેલાં હશે જ્યારે કે તેમની એકે એક સૂરત દિલચસ્પ કરશે. તેઓ કહેશે કે, “પરવરદિગાર! મારી આ ઝૌજાની સૂરત એના જેવી બનાવી દે.” પછી એની ઝૌજાની સૂરત, જેવી તેણે ઇચ્છી હતી તેવી બનાવી દેવામાં આવશે.” બેશક, જન્નતના લોકો ખુદાવંદે જબ્બારના નૂરની દરેક જુમ્આના દિવસે ઝિયારત કર્યા કરશે અને સૌથી વધારે અલ્લાહથી કુર્બત (નિકટતા) ધરાવતા હશે અને નૂરના મિમ્બરો પર બેસશે. એનાથી ઓછા દરજ્જાવાળા યાકૂતના

મિમ્બરો પર અને એમનાથી ઓછા દરજ્જાવાળા હશે તેઓ ઝબરજદના મિમ્બરો પર, અને જે લોકો એમના કરતાં ઓછા દરજ્જાવાળા હશે, મુશ્કના મિમ્બરો પર બેસશે. આ રીતે તેઓ અલ્લાહ જલ્લે જલાલુહૂના નૂરને જોતા રહેશે અને અલ્લાહ તેમના પર રહમતની નજર નાખી રહ્યો હશે. જ્યારે એક વાદળ આવીને તેમના પર છવાઈ જશે અને તેમના પર એવી નેઅમત, લિજ્જત, ખુશી અને આનંદનો વરસાદ વરસાવશે કે જેનું ઈલ્મ અલ્લાહ સિવાય કોઈને નથી. આના હોવા છતાંય જે ચીજ એના કરતાં અફ્ઝલ છે તે અલ્લાહની ખુશનૂદી છે, તે સૌથી વધારે છે. જેટલી ચીજોથી અલ્લાહે ડરાવ્યા છે, જો એ બધી ચીજોથી ન ડરાવતો બલ્કે કેટલીકથી જ ડરાવતો, ત્યારે પણ આપણે ડરવું જોઈતું હતું, કેમ કે આપણામાં તેને સહન કરવાની કાબેલિયત નથી. આપણને માત્ર એ ચીજોનો શોખ ખૂબ વધારે હોવો જોઈએ કે જેની આપણને જરૂર છે કે જેનાથી આપણે બેનિયાઝ (બેપરવા) નથી થઈ શકતા.

અને અય મોહંમદ ઈબ્ને અબી બક્ર! તમે જાણી લો કે મેં તમને મિસ્રના લોકો પર હાકિમ તરીકે નિયુક્ત કર્યા છે, જે મારી નજરમાં સૌથી શક્તિશાળી સૈન્ય છે. તેથી, જ્યારે કે મેં તમને આ હોદ્દા પર નિયુક્ત કર્યા છે, તો તમને જોઈએ કે તમે સૌથી પહેલાં પોતાના આમાલને જોતા રહો, અને ઈમાન પર અડગ રહો તથા લોકોને રાજી કરવાના પ્રયાસમાં અલ્લાહને નારાજ કરવાથી ચેતતા રહો, કારણ કે, રઝાએ ઈલાહીમાં દરેક વસ્તુ આવી જાય છે, પણ બીજી બધી વસ્તુઓ રઝાએ ઈલાહીની બદલ નથી. જુલ્મીઓ વિરુદ્ધ કઠોર બનો અને તેમને દફે કરો. ઈન્સાફ્પસંદ લોકો પ્રત્યે નમ્ર બનો, તેમને નજીક લાવો અને તેમને તમારા ભાઈચારાના વર્તુળમાં શામિલ કરો.

તમારી નમાઝ પર ધ્યાન આપતા રહો, કે તમે તેને કેવી રીતે અદા કરો છો, કારણ કે તમે લોકોના હાકિમ છો, અને તેમના પેશ ઈમામ. તમારા પર લાઝિમ (આવશ્યક) છે કે સમયસર, બધા જ નિયમો પ્રમાણે અને અર્કાન સાથે અને આદાબ સાથે નમાઝને અદા કરો. ઈમામ, કે જે જમાઅતની સાથે નમાઝ પઢે છે, તેની કોઈ ભૂલના કારણે મામૂમોની નમાઝોમાં જે ત્રુટી થઈ જાય છે, તેનો બધો જ ભાર ઈમામના માથે હોય છે. મામૂમોની નમાઝોમાં કોઈ નુક્સ (કમી) નથી થતી. તેથી તેનું રક્ષણ કરો, અને તેને પરિપૂર્ણ કરો; (આવું કરશો, તો) તમને તેમના જેટલો જ સવાબ મળશે અને તેમના સવાબમાં પણ કોઈ કમી થશે નહીં. જાણી લો કે તમારો દરેક અમલ તમારી નમાઝોના તાબે (આધીન) છે, જેણે નમાઝને બરબાદ કરી, તેના બીજા આમાલ પણ બરબાદ થઈ જશે, અને વુઝૂ નમાઝને સંપૂર્ણ કરવાનું કારણ છે. તેને તેના તરીકાથી એવી રીતે બજાવી લાવો કે ત્રણ વખત પાણી મોઢામાં ફેરવીને કુલ્લી કરો, ત્રણ વખત પાણી નાકમાં લો અને પછી પોતાના ચહેરાને

ધુઓ, પછી જમણો હાથ, અને પછી ડાબો હાથ ધુઓ. ત્યાર પછી પોતાના માથાનો અને પગોનો મસ્હ કરો. મેં રસૂલલ્લાહ (સ.)ને આવી રીતે વુઝૂ કરતા જોયા છે. જાણી લો કે વુઝૂ અડધું ઈમાન છે.

પછી નમાઝના સમય માટે પણ પાબંદ રહો, અને તેના સમયની વાટ જુઓ. તમે નવરાશમાં હો, તો તેને અદા કરવામાં ઉતાવળ ન કરો, કે ન તો તમે વ્યસ્ત હો, તો તેને મુલતવી રાખો, તેને તેના અફઝલ સમયે અદા કરો. એક માણસે રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં હાજર થઈને નમાઝના સમયની બાબતમાં સવાલ કર્યો, તો રસૂલલ્લાહ (સ.)એ જવાબ આપ્યો કે, "જિબ્રઈલ (અ.) મારી પાસે આવ્યા હતા અને નમાઝનો સમય બતાવ્યો કે નમાઝે ઝોહર એ સમયે અદા કરો કે જ્યારે ઝવાલે આફતાબ થઈ જાય. અસ્રની નમાઝ એ વખતે પઢો કે જ્યારે કોઈ વસ્તુનો પડછાયો એના બરાબર થઈ જાય. નમાઝે મગરિબ એ વખતે અદા કરો કે જ્યારે સૂર્ય આથમી જાય, પછી નમાઝે ઈશા એ વખતે અદા કરો કે જ્યારે શફક (લાલી) ગાયબ થઈ જાય અને નમાઝે ફજ્ર રાતના છેલ્લા ભાગમાં સિતારાઓના ગાયબ થવાના પહેલાં અદા કરો." રસૂલલ્લાહ (સ.) આવી રીતે અમલ કરતા હતા. જો તમારામાં ઈસ્તેતાઅત (સામર્થ્ય) હોય, તો નમાઝને આ રીતે અદા કરો અને સુન્નત પર અને સિરાતે મુસ્તકીમ પર અડગ રહો.

પછી તમે તમારા રુકૂઅ અને સજ્દાઓ પર વિચાર કરો. બેશક, લોકોમાં સૌથી શ્રેષ્ઠ રીતે નમાઝને રસૂલલ્લાહ (સ.) અદા કરતા હતા, અને સૌથી વધારે નમાઝની હિફાઝત કરનારા પણ આપ (સ.) જ હતા. જ્યારે આપ (સ.) રુકૂઅમાં જતા હતા, ત્યારે سُبْحَانَ رَبِّيَ الْعَظِيمِ وَ بِحَمْدِهِ ત્રણ વખત કહેતા હતા અને જ્યારે રુકૂઅમાંથી ઊઠતા હતા, તો

سَمِعَ اللهُ لِمَنْ حَمِدَهُ اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ مِلْءَ سَمٰوَاتِكَ
وَمِلْءَ اَرْضِكَ وَمِلْءَ مَاشِئْتَ مِنْ شَيْءٍ

કહેતા હતા અને જ્યારે સજ્દામાં જતા હતા, ત્યારે سُبْحَانَ رَبِّيَ الْاَعْلٰى وَ بِحَمْدِهِ કહેતા હતા.

ત્યાર પછી હું એ અલ્લાહથી સવાલ કરું છું કે જે જુએ છે, પરંતુ જોવામાં આવતો નથી અને તે સૌથી બુલંદ છે, (એવો સવાલ કે) તે અમને અને તમને એ બંદાઓમાં ગણે કે જેમને તે દોસ્ત રાખે છે અને જેમનાથી તે રાજી છે, એટલે સુધી કે તે આપણને તેના શુક્રની, તેના ઝિક્રની, સુંદર રીતે તેની ઈબાદત કરવાની અને તેના હકને અદા કરવાની તૌફીક આપે તથા તે દરેક બાબતની પણ તૌફીક આપે, કે જે બાબતો તેણે આપણા માટે આપણી દુનિયામાં, દીનમાં અને આખેરત (ના જીવન)માં પસંદ કરી દીધી હોય, અને આપણો શુમાર મુત્તકીઓમાં કરે કે જેમને ન કોઈ ખોફ હશે કે ન તો તેઓ દુ:ખી થશે. (ક્રમશ:)

# ઝોહા ઇલેક્ટ્રોનિક્સ

zoha ELECTRONICS

## ઘર માટે અત્યાધુનિક ઉપકરણો હવે બજેટમાં!

SAMSUNG | LG | Haier | Whirlpool | GENERAL | IFB | HITACHI | DAIKIN | MITSUBISHI ELECTRIC | Crompton

અમારે ત્યાં ટી.વી., ફ્રીઝ, એ.સી., એર કુલર, વોશિંગ મશીન, ઘરઘંટી, ઓવન, મિક્સર, ગ્રાઇન્ડર, બ્લેન્ડર, ચીમની, ગેસ-સગડી, મોબાઇલ, મોબાઇલ એસેસરીઝ, લેપટોપ, પ્રિન્ટર, હેર ટ્રીમર, પંખા, લાઇટ તેમજ ઇલેક્ટ્રોનિક્સ ને લગતા તમામ કંપનીનો સામાન ગુણવત્તા સાથે વાજબી ભાવે મળશે.




હોટેલ, સંસ્થાઓ તેમજ નાના-મોટા ધંધાઓ માટે હોલસેલ ભાવમાં ખરીદી માટે અમારો સંપર્ક કરો.

FIND US ON GOOGLE MAP!

+૯૧ ૯૮૨૫૪ ૧૨૧૪૩
+૯૧ ૮૩૪૭૦ ૯૭૨૯૦
+૯૧ ૯૮૯૮૪ ૪૯૩૩૯

## ઝોહા ઇલેક્ટ્રોનિક્સ

પહેલો માળ, અલ ગદીર ધ બિઝનેસ હબ, વે-વેઇટ ચોકડી, રસુલપુર (ખેરાલુ) - ૩૮૪૩૨૫



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૫૮**

**સો લશ્કર માંહેં, ઘોડા અનુંને ડાલા,**
**તબ સા'દકે બેટેકે, પાસ પોંહચે ઉસ હાલા.**

*(હઝરત અબ્દુલ્લાહે પોતાના ઘોડાને લશ્કરમાં નાખ્યો, ત્યારે આવી હાલતમાં સા'દના બેટાની પાસે પહોંચ્યા.)*

**જા બીસ ને દો આદમી, એકાએક મરાએ,**
**સો સા'દકે બેટેકે, પાસ રે સુણાએ.**

*(એવું સાંભળ્યું છે કે ઉમર સા'દની પાસે પહોંચતાં પહોંચતાં ઓચિંતા ૨૨ દુશ્મનોને મારી નાખ્યા.)*

**તબ સા'દકા બેટા, ભાગ પીછા રે ફિરીયા,**
**સો ઝાઝે લશ્કર, માંહેં જા મિલીયા.**

*(ત્યારે સા'દનો બેટો દોડીને પાછો ફરી ગયો, અને ખૂબ મોટા લશ્કરમાં જઈને ભળી ગયો.)*

**તબ અબ્દુલ્લાહ ફિર કર, આએ રે મેદાના,**
**આવ મુબારિઝ માંગા, એસા રે જાના.**

*(ત્યારે હઝરત અબ્દુલ્લાહ ફરીથી મેદાનમાં આવ્યા, અને એવું જાણવા મળ્યું છે કે આવીને લડવૈયાની માંગણી કરી.)*

**પણ મુબારિઝ એક, સામી હુઆ કોઈ નાંહાં,**
**તબ સા'દકે બેટેકે, ડર આયા દિલ માંહાં.**

*(પરંતુ આ એક યોદ્ધાની સામે કોઈ (લડવૈયો) આવ્યો નહીં, ત્યારે સા'દના બેટાના દિલમાં ડર લાગ્યો.)*

**તબ સા'દકે બેટેને, દેખા લશ્કર સામી,**
**પણ મુબારિઝ કોઈ, હુઆ ના નામી.**

*(ત્યારે સા'દના બેટાએ પોતાના લશ્કરની સામે જોયું, પણ કોઈ મોટો લડવૈયો આવવા તૈયાર થયો નહીં.)*

**તબ લશ્કર સારેકું, ઉને અવાજ રે કિતા,**
**તબ ઈનામ ઈકરામ, કિયા દેના હેં સુણિતા.**

*(ત્યારે તમામ લશ્કરને તેણે અવાજ કર્યો કે જે લડવા જશે તેને ઈજ્જતની સાથે બક્ષિસ*

*આપવામાં આવશે, એવી વાત કરી.)*

**તબ લાલચકે લિતે, એક સુન કર આયા,**
**બુખ્તરી બિન ઉમર, શામી રે કેહલાયા.**

*(ત્યારે આવી લાલચની વાત સાંભળીને એક દુશ્મન રણમેદાનમાં આવ્યો કે જે બુખ્તરી બિન ઉમર શામી કહેવાય છે.)*

**કહ્યા સુન તું બેટે, સા'દ હો કેરે,**
**તું સિપાહીકા દાવા, હેં કરતા સવેરે.**

*(બુખ્તરી કહેવા લાગ્યો કે, અય સા'દના બેટા, તું સાંભળ કે તું પોતાની જાતને તો સિપાહી હોવાનો દાવો કરે છે.)*

**એ જુવાનકી તેગસું, હેં તું પાઉં રે ખિસાતા,**
**તબ સા'દકા બેટા, શરમાયા રે સુણાતા.**

*(અને આ જુવાનની તલવારથી તું તારા પગ કેમ પાછા ખેંચે છે? ત્યારે સા'દનો બેટો શરમાઈ ગયો. એવું સાંભળ્યું છે.)*

**બોત શરમાને જુવાબ, દિયા જીવ હેં પ્યારા,**
**એ સુન સુન મોમિનો, સોચ એતના સવારા.**

*(ઘણી શરમિંદગીથી કહેવા લાગ્યો કે મને મારો જીવ ઘણો વહાલો છે. આ સાંભળીને મોમિનોએ આટલો વિચાર કર્યો.)*

**રેતૂહી**

**મુબારિઝ ના કોઈ હોવડા,**
**અબ્દુલ્લાહકે સંગ રે, અબ્દુલ્લાહકે સંગ;**
**દુરીજાન સબ ધ્રુજાઈએ**
**રણમાં કર બોત જંગ રે, રણમાં કર બોત જંગ.**

*(હઝર અબ્દુલ્લાહની સામે કોઈ પણ દુશ્મન લડવૈયો થઈને ન આવ્યો, બધા જ દુશ્મનો લડાઈના મેદાનમાં (હઝરત અબ્દુલ્લાહનો) જંગ જોઈ ડરવા લાગ્યા.)*

**બયાન નં.૨૫૯**

**બોત સા'દકે બેટેકું, ખિજાલત આઈ,**
**જીવ પ્યારા હેં શરમા, એતી બાત રે બતાઈ.**

*(સા'દના બેટાને ઘણી જ શરમ આવી, અને શરમાઈને કહ્યું કે મને મારો જીવ ઘણો જ વહાલો છે.)*

**તબ બુખ્તરી ફેર કર, કહ્યા ભાગતા જો નાંહાં,**
**તો જીવ ના રેહતા, તેરે તન રે માંહાં.**

*(ત્યારે બુખ્તરીએ ફરીથી કહ્યું કે જો તું ભાગી ગયો ન હોત તો તારા શરીરમાં જીવ રહ્યો ન હોત.)*

**અને રાસ્તી સુખન, તું અબ રે જાને,**
**અને મેરા કહ્યા, તું સચ કર માને.**

*(અને તું આ શબ્દોને સાચા જાણી લે, અને મારું કહેવું તું સાચું માની લે.)*

**તો દેખ એ જુવાનને, લિયા હેં મેદાના,**
**અને મુબારિઝ માંગતા, હેં રે જાના.**

*(તું જો કે એ જુવાને મેદાન પકડેલું છે, અને તે લડવૈયાની માગણી કરી રહ્યા છે.)*

**તો જા તું ઉસકે, સહી રે સામી,**
**અને મુબારિઝ ઉસસું, તું હો રે નામી.**

*(તો તું એમની સામે લડવા જા, અને તું તો તેમના કરતાં ઘણો મોટો નામચીન લડવૈયો છે!)*

**એ બુખ્તરી કા કેહના, ઉસે બુરા રે લગાવા,**
**કે સા'દકે બેટેકું, બોત ગુસ્સા રે ચઢાવા.**

*(બુખ્તરીનું આવું કહેવું તેને ખોટું લાગ્યું, અને સા'દના બેટાને ઘણો ગુસ્સો આવ્યો.)*

**બુખ્તરી એતા, કેહ કર ચલીયા,**
**સો આપસકી ફોજસું, મુંહ રણમાં કરીયા.**

*(બુખ્તરી આટલું કહીને ચાલવા લાગ્યો, અને પોતાના લશ્કર તરફથી તેણે તેનું મોઢું મેદાન તરફ કર્યું.)*

**તબ પાંચસો અસવાર, થે ખાસે રે કહીએ,**
**તબ ઉનુંકું લે નિકલા, રણ માંહીં લહીએ.**

*(ત્યારે ૫૦૦ ઘોડેસવારો કે જે તેના ખાસ કહેવાતા હતા, તેમને લઈને તે લડાઈના મેદાનમાં નીકળ્યો.)*

**સો પાંચસો અસવારસું, આયા રે સામી,**
**જ્યાં થે રે રણમાં, અબ્દુલ્લાહ નામી.**

*(તે ૫૦૦ ઘોડેસવારોની સાથે સામે આવ્યો કે જ્યાં મેદાનમાં મશહૂર અબ્દુલ્લાહ સાહેબ ઊભા હતા.)*

**તબ શહઝાદેકી તરફથી, લોક મદદકું આએ,**
**દેખ અબ્દુલ્લાહ એકલે, એ બેગે રે ધાએ.**

*(ત્યારે અબ્દુલ્લાહ સાહેબને એકલા જોઈને, ઈમામ હુસૈન (અ.) તરફથી લોકો મદદ માટે એકાએક જલ્દીથી આવી પહોંચ્યા.)*

**વે મોહંમદ ઈબ્ને, અનસ રે કહીએ,**
**ભી અસદ બિન અબ્દ, સહી કર લહીએ.**

*(જે મદદ માટે આવ્યા તે મોહંમદ ઈબ્ને અનસ કહેવાય છે, અને અસદ ઈબ્ને અબ્દ પણ સાથે હતા.)*

**ભી ફીરોઝ ગુલામ, ઈમામ હસન હો કેરા,**
**એ તીનું જા રણમાં, પોંચીએ સવેરા.**

*(અને ઈમામ હસન (અ.)ના ગુલામ ફીરોઝ પણ હતા, આ ત્રણેય જણા જલ્દીથી મેદાનમાં આવી પહોંચ્યા.)*


**એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી,**
**અને એક કર કહો, દિન ઓર રાતી.**

*(આ વાતો સાંભળીને પોતાની ઝાતને પાક કરો, અને (અલ્લાહને) એક માનીને રાતદિવસ આટલું કહો.)*

**રેતૂહી**

**સુરીજાન હાર પિછાનીએ,**
**હેં ચાહતા કરે વે કામ રે, હેં ચાહતા કરે વે કામ;**
**દાસ હો રહીએ નિસદના,**
**લિજે નેહસું નામ રે, લિજે નેહસું નામ.**

*(સર્જનહાર અલ્લાહ તઆલાને ઓળખો કે તે જે ઈચ્છે, તેવા કામો કરે છે, હંમેશાં તેના ગુલામ બનીને રહો, અને મોહબ્બતથી તેના નામનો ઝિક્ર કરો.)*


ZAINAB
TOUR
ઈરાક - ઈરાન
વેકેશન ટૂર
મે-જુન
2025
*લેડીઝ ગાઇડ દ્વારા લેડીઝને
ઝિયારત કરાવવામાં કરશે.
બુકિંગ
શરૂ...
મંજૂરહુસૈન જે. મોમિન (સાથળ)
99984 69211 / 93161 64749
સહાયક
મૌલવી ખાદિમહુસૈન (કનાઈ)
93161 14429
હસનઅલી પટેલ
98989 87008
અહેસાનઅલી મંત્રી (યાદગારવાળા)
96875 40877

# میر انیس مرثیہ
# મીર અનીસના મરસિયા



મરસિયા–૧૭ (ગતાંકનું ચાલુ) مرثیہ-۱۷

| કરબલાના મેદાનમાં ઇમામ હુસૈન (અ.)ની એકલતા, ઉમ્મતની બખ્શિશ માટે દુઆ અને બારગાહે રબ્બુલ ઇઝઝતમાં આખરી સજદો | میدانِ کربلا میں امام حسین علیہ السلام کی تنہائی، بخشش امت کے لئے دعا اور بارگاہِ رب العزت میں آخری سجدہ |
|---|---|

૩૬
مجھ کو حیدرؑ سے غرض ہے نہ محمدؐ سے ہے کام — روویں محبوبِ خدا ہووے خوشی حاکمِ شام
دولتِ فاطمہؑ لے جاؤں میں پاؤں انعام — روحِ حیدرؑ کی ہو بے چین مجھے ہو آرام
منہ نہ میں دولتِ دنیا سے کبھی پھیروں گا
آج زہراؑ کے کلیجے پہ چھری پھیروں گا

(શિમ્ર કહેવા લાગ્યો કે, મને ન તો અલી (અ.)ની કોઈ ગરજ છે કે ન તો મોહંમદ (સ.)થી કોઈ કામ છે. મહબૂબે ખુદા (સ.) રડે અને શામનો હાકિમ ખુશ થાય એ જ તો હું ઈચ્છું છું. ફાતેમા ઝહરા (સ.)ની દોલત લૂંટી લઉં અને હાકિમ પાસેથી ઈનામ મેળવું. મૌલા અલી (અ.)ની રૂહ બેચેન થાય અને મને આરામ મળે. હું કદીય પણ દુનિયાની દોલતથી મોઢું નહીં ફેરવું. માટે આજે હું હઝરત બીબી ફાતેમા ઝહરા (અ.)ના કલેજા ઉપર ખંજર ફેરવીશ.)

૩૭
تیز کرتا ہوا خنجر کو گیا شہ کے قریں — آسماں ہل گیا تھرّا گئی مقتل کی زمیں
رو رو چلانے لگی زینبِ ناشاد و حزیں — غش میں بھی گھیرے ہیں ہے ہے مرے بھائی کو لعیں
رحم زہراؑ کے پسر پر نہیں کھاتا کوئی
خاک سے بھی نہیں زخمی کو اٹھاتا کوئی

(શિમ્ર લઈન ખંજરને તેજ કરતો કરતો હઝરત ઈમામ હુસૈન (અ.)ની નજદીક ગયો, તો આસમાન હલવા લાગ્યું ને મકતલની જમીન ધ્રૂજવા લાગી. શાહઝાદી ઝૈનબ (અ.) રડી રડીને કહેવા લાગ્યાં કે, "હાય! હાય! બેભાન હાલતમાં પણ દુશ્મનોએ મારા ભાઈ હુસૈન (અ.)ને ઘેરી લીધા છે. કોઈ ફાતેમા ઝહરા (અ.)ના લાલ પર રહેમ ખાતું નથી, કે કોઈ જમીનથી જખ્મી (હુસૈન (અ.))ને ઉઠાવતું પણ નથી.)

૩૮

کس سے فریاد کروں جا کے میں دکھیا ہے ہے — نہ محمدؐ ہیں، نہ حیدرؑ ہیں، نہ زہراؑ ہے ہے
لاکھ دشمن ہیں مرا بھائی ہے تنہا ہے ہے — تیغوں سے کٹتا ہے زہراؑ کا کلیجہ ہے ہے
سروِ گلزارِ رسالت کو قلم کرتے ہیں
ہائے سیّد پہ، مسافر پہ ستم کرتے ہیں

(હાય! હાય! હું દુ:ખિયારી કોને જઈને ફરિયાદ કરું! હાય! હાય! ન તો મોહંમદ (સ.) છે, કે ન તો અલી (અ.) છે, કે ન તો ફાતેમા ઝહરા (અ.) છે. હાય! હાય! લાખો દુશ્મનો છે, જ્યારે કે મારા ભાઈ તો એકલાઅટૂલા છે. હાય! હાય! તલવારોથી બીબી ફાતેમા ઝહરા (અ.)નું કલેજું કપાઈ રહ્યું છે. દુશ્મનો રિસાલતના બગીચાના ઝાડને કલમ કરી રહ્યા છે. હાય! સૈયદ પર અને એક મુસાફર પર સિતમ કરી રહ્યા છે.")

૩૯

گرد زینبؑ کے تھا ناموس پیمبرؐ کا ہجوم — بانو روتی تھی کھڑی پیٹتی تھی سر کلثومؑ
کہتی تھی دیکھ کے میداں کو سکینہؑ معصوم — اے پھوپھی نرغۂ اعدا میں ہیں شاہِ مظلوم
جاؤں گی اب میں ٹھہرنے کی نہیں آپ کے پاس
شمر خنجر لیے جاتا ہے مرے باپ کے پاس

(તમામ બીબીઓ હઝરત બીબી ઝૈનબ (અ.)ની આજુબાજુ એકઠાં થયેલાં હતાં. બાનૂ ઊભાં થઈને રડતાં હતાં અને હઝરત બીબી કુલસૂમ (અ.) માથું કૂટી રહ્યાં હતાં. રણમેદાન તરફ જોઈને માઅસૂમ સકીના (અ.) કહેતાં હતાં કે, "અય ફૂફી! શાહે મઝલૂમ (અ.) દુશ્મનોના ઘેરામાં ઘેરાઈ ગયા છે. હવે હું આપની પાસે નહીં રોકાઉં, અહીંથી (મારા બાબાની પાસે) જઈશ, કેમ કે શિમ્ર ખંજર લઈને મારા બાબાની પાસે જઈ રહ્યો છે.")

૪૦

کتنا روکا اسے بانو نے پہ ہرگز نہ رکی — چھوٹے سے ہاتھوں سے سر پیٹتی میداں کو چلی
پیچھے سر کھولے ہوئے خیمے سے زینبؑ نکلی — پہنچی رن میں تو سکینہؑ یہ عمر سے بولی

او لعیں حیدرِؑ کرّار کی پوتی ہوں میں

رحم کر مجھ پہ کہ بِن باپ کی ہوتی ہوں میں

(બાનૂએ રોકવાની ઘણી કોશિશ કરી, પણ (બીબી સકીના (અ.)) ન રોકાયાં. નાનકડા હાથોથી માથું કૂટતાં કૂટતાં મેદાન તરફ ચાલ્યાં. તેમની પાછળ ઉઘાડા માથે ખૈમામાંથી બીબી ઝૈનબ (અ.) ચાલી નીકળ્યાં. જ્યારે બીબી સકીના (અ.) રણમેદાનમાં પહોંચ્યાં તો ઉમર સઅદને કહેવા લાગ્યાં, "અય લાનતી! હું હૈદરે કર્રાર (અ.)ની પૌત્રી છું. મારા પર રહેમ કર, કેમ કે હું બાપ વગરની થવા જઈ રહી છું.)

دیکھ غربت کو مری کر مرے بچپن پہ نظر     باپ مارا گیا میرا تو جیوں گی کیوں کر؟

سر پہ آئے گی یتیمی تو میں جاؤں گی کدھر؟     ۴۱     میں تو ہوں باپ کی شیدا مرا عاشق ہے پدر

باپ بن ایک دم آرام نہ آوے گا مجھے

کون پھر رات کو چھاتی پہ سلاوے گا مجھے؟

(તું મારી ગરીબી અને મારા બાળપણ તરફ નજર કર. મારા બાબા શહીદ થઈ જશે તો હું કેવી રીતે જીવી શકીશ? મારા માથે યતીમી આવશે તો હું કયાં જઈશ? હું તો મારા બાબા ઉપર ફિદા છું અને મારા બાબા મારા પર ફિદા છે. મારા બાબા વગર મને પળવાર પણ ચેન નહીં પડે. તો પછી કોણ મને રાત્રે છાતી પર સુવાડશે?")

کتنا کہتی رہی وہ بنتِ شہِ عرش جناب     اس ستمگر نے دیا کچھ نہ سکینہؑ کو جواب

پیٹ کر سر کہا زینبؑ نے کہ او خانہ خراب     ۴۲     تجھ کو آتا نہیں کچھ روحِ پیمبرؐ سے حجاب

ظلم مت کر اسد اللہ کی جائی ہوں میں

ننگے سر پردے سے باہر نکل آئی ہوں میں

(હઝરત બીબી સકીના (અ.)એ કેટલુંય કીધું, પરંતુ એ જાલિમે બીબી સકીના (અ.)ને કંઈ જવાબ આપ્યો નહીં. તો તે સમયે બીબી ઝૈનબ (અ.) માથું કૂટીને કહેવાં લાગ્યાં કે, "અય અભાગિયા! તને રસૂલલ્લાહ (સ.)ની રૂહથી પણ કંઈ શરમ આવતી નથી! હું અસદુલ્લાહની બેટી છું, આવો જુલ્મ ન કર કે હું ઉઘાડા માથે પડદાથી બહાર નીકળી આવી છું.)

100%
કુદરતી અને રસાયણ મુક્ત

શુધ્ધતા પણ, સ્વાસ્થ્ય પણ, સ્વાદ પણ...

# એગ્રીનેચર

બંધાણી ફાર્મર્સ એલ.એલ.પી.

## “ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઘાણીના કોલ્ડ પ્રેસ્ડ તેલ અને ચક્કીના વિવિધ મસાલા”

### અમારા ત્યાં બનતા ઉત્પાદનો

**ઘાણીના તેલ**
- સિંગ તેલ (મગફળીનું તેલ)
- સરસવ તેલ
- રાયડા તેલ
- તલ તેલ
- કોપરેલ તેલ
- બ્લેન્ડેડ હેર ઓઇલ
- બ્લેન્ડેડ મસાજ ઓઇલ

**મસાલા**
- પ્રીમિયમ મરચું પાઉડર
- રેશમપટ્ટી મરચું પાઉડર
- હોટ તેજા મરચું પાઉડર
- પ્રીમિયમ હળદળ પાઉડર
- પ્રીમિયમ ધાણા જીરું
- ધાણા પાઉડર
- સિંધવ નમક
- નેચરલ ચા પત્તી

**ડીલર** બનવા અને વ્યાપારિક પૂછપરછ **આવકાર્ય**



- ઉત્તર ગુજરાતના દરેક વિસ્તારોમાં ઉપલબ્ધ
- ગુણવત્તાની સંપૂર્ણ ખાતરી
- ભેળસેળ મુક્ત અને કુદરતી પદ્ધતિથી ઉત્પાદન
- અમારી વસ્તુ પસંદ ના આવે તો 100% રીફન્ડ (પરત) આપવામાં આવશે
- મક્તબાહ જાફરીયા ટ્રેડ ફેર, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ, સ્ટાર્ટઅપ ગુજરાત સમિટ, WSSRO એક્ઝીબિશનમાં લોકોનો બહોળો પ્રતિસાદ

ગામ : બાદરગઢ, તાલુકો : પાલનપુર - બનાસકાંઠા, ગુજરાત - ૩૮૫૪૧૦

**વધુ માહિતી માટે સંપર્ક કરો:**
83476 14814

# سیرت ائمہ اہلبیت

# સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.) ઓહદની લડાઈમાં**

બદ્રની લડાઈના લગભગ ચાર મહીના બાદ મોહર્રમ મહીનાના મધ્યમાં રસૂલે અકરમ (સ.)ને જાણકારી મળી કે બની સુલૈમની એક જમીન ઉપર કે જેને કરકરતુલ કુદ્ર કહેવામાં આવતી હતી, બની સુલૈમ અને બની ગત્ફાનના થોડા માણસો ભેગા થયા છે અને મદીના ઉપર હુમલો કરવાની યોજના ઘડી રહ્યા છે. તેથી રસૂલે અકરમ (સ.) મુહાજિરીન અને અન્સારમાંથી લગભગ બસો માણસોની સાથે તેમની તરફ રવાના થયા. આપ (સ.)એ પોતાનો અલમ હઝરત અલી (અ.)ને આપ્યો, પરંતુ તેના પહેલાં કે આપ (સ.) તેમના સુધી પહોંચે, તે લોકો ત્યાંથી ભાગી ગયા અને પર્વતોની ખીણોમાં વિખેરાઈ ગયા, તેથી રસૂલે અકરમ (સ.)ને ત્યાં ભરવાડો સિવાય કોઈ ન મળ્યું. આપ (સ.)એ તે જાનવરો ઉપર કબજો કરી લીધો કે જે તેમની પાસે હતાં. તે કુલ પાંચસો ઊંટ હતા. રસૂલે અકરમ (સ.)એ તેમાંથી ખુમ્સ કાઢીને બાકીનાને તેમના સાથીઓમાં વહેંચી દીધા.

આ રીતે અરબો સમયે સમયે જુદાં જુદાં સ્થળોએ ભેગા થતા અને મદીના ઉપર હુમલો કરવાની યોજનાઓ કરતા રહેતા હતા, પરંતુ રસૂલે અકરમ (સ.) તેમની યોજનાઓની સામે હુમલો કરતા હતા. કેટલીક વાર આપ (સ.) પોતાની જાતે લશ્કરની આગેવાની કરતા અને કેટલીક વાર બીજાઓની આગેવાનીમાં લશ્કર મોકલતા હતા. આપ (સ.)નો અલમ મોટાભાગે હઝરત અલી (અ.)ની પાસે રહેતો હતો કે જેઓ તે સમય સુધી પાછા જ ન આવતા જ્યાં સુધી દુશ્મનને ભગાડી ન મૂકે અને તેમનાં જાનવરોનો કબજો ન કરી લે. પરિસ્થિતિ આવી રીતે જ ચાલતી રહી, એટલે સુધી કે હિ.સ. ૩નો શવ્વાલ મહીનો આવી ગયો ત્યારે રસૂલે અકરમ (સ.)ની હિજરતના લગભગ બત્રીસ મહીના પછી ઓહદની લડાઈ થઈ કે જેમાં મુસલમાનોને સખત તકલીફો ઉઠાવવી પડી, કેમ કે થોડાક લોકો રસૂલે અકરમ (સ.)ના હુકમોને પાળી ન શક્યા અને તે યોજનાઓને તુચ્છ સમજતા રહ્યા કે જે તે લડાઈની શરૂઆતમાં કરવામાં આવી હતી.

જ્યારથી કુરૈશને બદ્રમાં બરબાદીનો સામનો

કરવો પડ્યો કે જે તેમણે વિચાર્યું પણ ન હતું, ત્યારથી તે ચેનથી બેઠા ન હતા અને એક વર્ષ અથવા તેનાથી વધારે સમય સુધી તૈયારીઓ કરતા રહ્યા કે જેથી રસૂલે અકરમ (સ.) અને તેમના સાથીઓથી બદલો લે. એક વર્ષ પસાર થતાં કુરૈશે તેમની તૈયારીઓ સંપૂર્ણ કરી લીધી. મુશરિકો અને યહૂદીઓમાંથી તેમના સાથીઓને ભેગા કર્યા. વળી, આ નવા દીન એટલે ઈસ્લામથી દ્વેષ અને ગુસ્સો રાખવાવાળા જેટલા પણ માલદાર લોકો હતા, તે બધાને પણ પોતાની સાથે લઈ લીધા. તે સમયે અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ તેમના મશ્વેરામાં શામિલ રહેતા હતા, જેથી તેમની યોજનાઓ અને હિલચાલથી માહિતગાર રહે. તેથી જ્યારે તે લોકોએ મદીના ઉપર ચઢાઈનો નિર્ણય કરી લીધો, તો અબ્બાસે રસૂલે અકરમ (સ.)ને એક કાગળ લખ્યો કે જેમાં તેમનો હાલ એટલે કે તેમની સંખ્યા અને તેમની તૈયારીઓ વિષે જાણ કરી દીધી. તેમણે તે કાગળ ગફ્ફાર કબીલાના એક માણસની સાથે મોકલ્યો અને તેને આ વાતને છૂપી રાખવાની અને જ્યાં સુધી શક્ય હોય, ઝડપથી જવાની સલાહ આપી. તેથી તે ગફ્ફારીએ મદીનાનો રસ્તો લીધો, એટલે સુધી કે ત્રણ કે ચાર દિવસમાં ત્યાં પહોંચી ગયો. તેણે તે કાગળ રસૂલે અકરમ (સ.)ને આપ્યો. આપ (સ.) એ તે કાગળ વાંચી સંભળાવવા અબી ઈબ્ને કા'બને આપ્યો, પરંતુ સલાહ આપી કે તે જાણકારીઓને છૂપી રાખે અને આના વિષે કોઈને વાત ન કરે. તેના પછી રસૂલે અકરમ (સ.) સઅદ ઈબ્ને રબીઅના ઘેર ગયા અને તેમને તે કાગળથી માહિતગાર કર્યા, પરંતુ સાથે સલાહ પણ આપી કે આ વાતને ખાનગી રાખે. વળી ફરમાવ્યું કે મને આશા છે કે તેમાં આપણી ભલાઈ હશે.

તેથી તે સમયથી રસૂલે અકરમ (સ.)એ કુરૈશનો સામનો કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી, અને આ હેતુ માટે સાધનસરંજામ ભેગો કરવાનું શરૂ કરી દીધું. પેલી બાજુ મક્કાના કુરૈશો તેમના સાથીઓની સાથે મદીના ઉપર ચઢાઈ કરવા નીકળી પડ્યા. તેમનું લશ્કર મક્કાથી ત્રણ હજાર સૈનિકોને લઈને નીકળ્યું, ત્યારે તેમની સાથે પંદર સ્ત્રીઓ પણ હતી. જેમાં અબૂ સુફ્યાનની પત્ની હિન્દ બિન્તે ઉત્બા પણ હતી. તેથી હિ.સ. ૩ના શવ્વાલ મહીનાની શરૂઆતમાં જ્યારે આ લોકો અબ્વાની જગ્યાએ પહોંચ્યા કે જ્યાં રસૂલે અકરમ (સ.)નાં વાલેદા જનાબે આમેનાની કબ્ર છે. તે સમયે કેટલાક સખત અને દ્વેષભાવ રાખનારા કુરૈશીઓએ હિન્દના કહેવાથી એવો વિચાર કર્યો કે તે કબ્રને ખોદી નાખે અને તેમની મૈયતને બહાર કાઢીને તેને બાળી મૂકે. હિન્દ તે માટે આગ્રહ કરતી રહી અને પોતે કબ્ર ઉપર જઈને તીરોની કસમ ખાધી કે જ્યાં સુધી આ કબ્રને ખોદીને મય્યતને બહાર કાઢવામાં નહીં આવે, ત્યાં સુધી તે પોતાની જગ્યાએ પાછી આવશે નહીં, પરંતુ કુરૈશના કેટલાક વડીલોએ તેને રોકી. તેમણે વિચાર કર્યો કે જો આમ

કરવામાં આવશે, તો શક્ય છે કે અરબોમાં આવો રિવાજ થઈ જશે. તેમણે આવું પણ કહ્યું કે જો તમે આવું કરશો, તો પછી બની ખુઝાઆ અને બની બક્રને કુરૈશની કબ્રો ખોદતાં કોણ રોકશે? છેવટે લાંબી ચર્ચા અને વાતચીતના અંતે, હિન્દ અને તેના સાથીઓ ઉપર દબાણ લાવવામાં આવ્યું અને કુરૈશ તેમના રસ્તે આગળ વધ્યા, એટલે સુધી કે તે અકીક નામની મંઝિલ ઉપર પહોંચ્યા કે જ્યાં મદીનાથી પાંચ માઈલ દૂર એક પર્વતની પાસે તેમણે પોતાની સવારીઓને રોકી દીધી અને પછી મદીનાની નજીક ઝુલ હુલૈફા પહોંચીને તેમના ઘોડા અને ઊંટોને મદીનાના બાગોમાં ચરવા માટે છોડી મૂક્યા.

રસૂલે અકરમ (સ.)ને જેવી તેમના વિષે માહિતી મળી કે તરત જ આપ (સ.)એ મુસલમાનોને ભેગા કરીને તેમની સલાહ લીધી કે આવા નાજુક સમયે કઈ પદ્ધતિ અપનાવવી જોઈએ. આના વિષે મુસલમાનોનાં મંતવ્યોમાં મતભેદ હતો. એક રાય એવી હતી કે રસૂલે અકરમ (સ.) મદીનામાં કિલ્લેબંધ રહે અને મદીનાની ગલીઓમાં તેમનો સામનો કરવા માટે તૈયારીઓ કરવામાં આવે. બીજી રાય એવી હતી કે મદીનાથી બહાર નીકળીને તેમનો સામનો કરવામાં આવે. અમે તેમનાં બધાં પાસાં ઉપર 'સીરતે મુસ્તફા'માં પૂરી ચર્ચા કરી છે. અહીં અમે ફક્ત તે બાબતોને જ વર્ણવી છે કે જે લડાઈમાં અમીરુલ મોમિનીન હઝરત અલી (અ.) થી સબંધિત છે.

ઈતિહાસની કિતાબો જણાવે છે કે, આ બાબત ઉપર ઘણાખરા મુસલમાનોના અભિપ્રાયો જાણી લીધા પછી રસૂલે અકરમ (સ.)એ બધાને ભેગા કરીને એક ખુત્બો આપ્યો કે જેમાં તેમને સબ્ર, જિહાદ, અને સાબિતકદમીનો હુકમ આપ્યો, અને ચોખ્ખી નિય્યત સાથે દુશ્મનના વિરુદ્ધ મક્કમ થઈને જિહાદ કરવા પર તેમને જીત અને બદલો અપાવવાનો વાયદો કર્યો.

પછી રસૂલે અકરમ (સ.) પોતાના સાથીઓને લઈને મદીનાથી નીકળ્યા, કે જેઓ એક હજાર અથવા તેનાથી થોડાક વધારે હતા. આપ (સ.) એ લશ્કરનો અલમ હઝરત અલી (અ.)ને આપ્યો અને બીજા અલમ મુહાજિરો અને અન્સારમાંથી આગળપડતા માણસોને આપ્યા. આ રીતે આપ (સ.) હુમલાખોરોથી લડાઈ કરવા નીકળ્યા. જ્યારે આપ (સ.) મદીનાની નજીક મકામે શૂત પર પહોંચ્યા, તો અબ્દુલ્લાહ ઈબ્ને અબી તેના જૂથને લઈને પાછો જતો રહ્યો. તે જૂથ તે લશ્કરનો લગભગ એક તૃતીયાંશ ભાગ હતો કે જે રસૂલે અકરમ (સ.) તેમની સાથે લાવ્યા હતા.

એક બીજી રિવાયતમાં છે કે જ્યારે રસૂલે અકરમ (સ.)ને એવી ખબર પડી કે અબ્દુલ્લાહ ઈબ્ને અબીની સાથે તેના યહૂદી સાથીઓ પણ આવ્યા છે, તો આપ (સ.)એ તેમને પાછા મોકલી દીધા અને ફરમાવ્યું કે અમે શિર્કનો સામનો કરવા શિર્કથી મદદ નથી લેતા. તેથી અબ્દુલ્લાહ ઈબ્ને

અબી અને તેના સાથીઓ કે જેમની સંખ્યા ત્રણસો અથવા થોડીક વધારે હતી, તેઓ પાછા જતા રહ્યા. ત્યારે રસૂલે અકરમ (સ.)ની સાથે ફક્ત સાતસો મુસલમાન બાકી રહી ગયા કે જેમને લઈને આપ (સ.) ઓહદ પહોંચી ગયા. હવે આપ (સ.)એ પોતાના સાથીઓને લડાઈ માટે તૈયાર કર્યા અને લડાઈ માટે એક ફાયદાકારક યોજના અપનાવી. તેથી આપ (સ.)એ તીરંદાજોમાંથી પચાસ માણસોને મુસલમોનોની પાછળ પર્વતની બાજુમાં રહેવાનો હુકમ આપ્યો અને તેમને ભારપૂર્વક કહ્યું કે તેઓ તે જગ્યાએથી ન હટે અને તેને કોઈ પણ સ્થિતિમાં ન છોડે, પછી ભલે મુસલમાનોમાંથી છેલ્લો માણસ પણ કતલ થઈ જાય. તેવી જ રીતે તેમને આવી પણ સલાહ આપી કે જો કુરૈશ તે બાજુએથી હુમલો કરે, તો ઘોડાઓ ઉપર તીરોનો વરસાદ કરી દે. રસૂલે અકરમ (સ.)એ મુસલમાનોની સફોને એવી રીતે ગોઠવી દીધી કે જે અલ્લાહના ઈઝનથી તેમના માટે ફતેહની જામીન બની જાય.

પેલી બાજુ, મુશરિકોએ પણ લડાઈની તૈયારી કરી અને તેમના લશ્કરનો અલમ બની અબ્દુદ્દારને આપ્યો. તેમનામાંથી જે વ્યક્તિએ સૌથી પહેલાં અલમ બુલંદ કર્યો, તે તલ્હા ઈબ્ને અબી તલ્હા હતો. જ્યારે રસૂલે અકરમ (સ.)ને એ ખબર પડી કે મુશરિકોનો અલમ બની અબ્દુદ્દારની પાસે છે, તો આપ (સ.)એ અલમ હઝરત અલી (અ.) પાસેથી લઈને મુસઅબ ઈબ્ને ઉમૈરને આપી દીધો કે જે બની અબ્દુદ્દારમાંથી જ હતા, તેથી તેમના શહીદ થવા સુધી અલમ તેમની જ પાસે રહ્યો. જ્યારે તે કતલ થઈ ગયા, તો રસૂલે અકરમ (સ.)એ અલમ હઝરત અલી (અ.)ને પાછો આપી દીધો. જે સમયે બન્ને પક્ષો વચ્ચે તીવ્ર લડાઈ થવા લાગી, તો તલ્હા ઈબ્ને અબી તલ્હાએ આગળ આવીને દ્વંદ્વ યુદ્ધ કરવા માટે પડકાર ફેંક્યો. હઝરત અલી (અ.) તેનો સામનો કરવા નીકળ્યા અને બન્ને લશ્કર વચ્ચે સામનો શરૂ થયો. તે સમયે રસૂલે અકરમ (સ.) એ માંચડા ઉપર હતા કે જે તેમના માટે બનાવવામાં આવ્યો હતો, જેથી તેના ઉપરથી લડાઈના મેદાન ઉપર નજર રાખે. હઝરત અલી (અ.)એ તલ્હાના માથા ઉપર એક ઘા કર્યો કે જેથી તેની ખોપરી તૂટી ગઈ અને રાવીના કથન મુજબ તે બળદની માફક ડોલતો ડોલતો પોતાના લોહીમાં લથપથ થઈને પડી ગયો. રસૂલે અકરમ (સ.) અને મુસલમાનોના લશ્કરે તરત જ તકબીર કહી. મુશરિકોનો અલમદાર કતલ થઈ જવાથી તેનો ભાઈ ઉસ્માન ઈબ્ને અબી તલ્હા આગળ વધ્યો અને આ પ્રમાણે રજઝ પઢવા લાગ્યોઃ

“અલમદાર માટે જરૂરી છે કે પોતાનાં હથિયાર લોહીવાળાં કરીને સામેવાળાને કતલ કરી દે અથવા પોતે કતલ થઈ જાય.” તેથી તે અલમ લઈને આગળ વધ્યો. તેની પાછળ સ્ત્રીઓ ત્રાંસાં (એક પ્રકારનું ઢોલ જેવું વાજિંત્ર) વગાડતી વગાડતી આ પંક્તિઓ ગાતી જઈ રહી હતીઃ

"અમે સિતારાની બેટીઓ છીએ. અમે ગાદલીઓ ઉપર નાજથી ચાલીએ છીએ. અમારા વાળ વાંકડિયા છે અને અમે સજીધજીને આવી છીએ. અમારી માંગોમાં મુશ્ક ભરેલું છે. જો તમે લડાઈમાં આગળ રહેશો, તો અમે તમારાથી ગળે મળવા હાજર છીએ. જો તમે પીઠ ફેરવી લેશો, તો અમે તમારાથી અલગ રહીશું."

તેના પર હઝરત હમ્ઝા ઈબ્ને અબ્દુલ મુત્તલિબ (અ.)એ હુમલો કર્યો અને તેના પર પોતાની તલવારથી એવો કારી ઘા લગાડ્યો કે તેનો ખાતમો થઈ ગયો. તેઓ તેની પાસેથી આવું કહેતાં પાછા ફર્યાઃ

"હું હાજીઓના સાકી (પાણી પાનાર)નો ફરઝંદ છું."

તલ્હા અને ઉસ્માન પછી લશ્કરના અલમને તેમના ભાઈ અબૂ સઈદ ઈબ્ને અબી તલ્હાએ સંભાળ્યો. તેના ઉપર હઝરત અલી (અ.)એ હુમલો કર્યો અને કતલ કરી દીધો. હવે અલમ અરતાત ઈબ્ને અબ્દે શુરહબીલ અબ્દરીએ લીધો. હઝરત અલી (અ.)એ તેને પણ કતલ કરી દીધો. તેના પછી બની અબ્દુદ્દારના એક છોકરાએ અલમ લીધો. હઝરત અલી (અ.)એ તેને પણ જહન્નમવાસિલ કરી દીધો. આ રીતે બની અબ્દુદ્દારના નવ માણસોએ એક પછી એક અલમ લીધો, પરંતુ તે બધા હઝરત અલી (અ.) અને આપ (અ.)ના કાકા હઝરત હમ્ઝા (અ.)ની તલવારથી માર્યા ગયા. સીરતે રસૂલની કિતાબો જણાવે છે કે બધા મુસલમાનોમાંથી હઝરત અલી (અ.)નું વધારે ધ્યાન અલમદારો અને મુશરિકોના બહાદુરો ઉપર હતું. (ક્રમશઃ)





MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઈન્સ સાથે
માર્વેલ જવેલર્સની લોકપ્રિયતાનાં આધારસ્તંભ
સંપૂર્ણ પારદર્શિતા
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
વર્ષોનો વિશ્વાસ
વ્યાજબી કિંમત નીતિ
ડિઝાઈન ઓપ્શન્સ
જોગેશ્વરી
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી, ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ, જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર, તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ, છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા, જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
HAYATT JEWELLERS - અડાજણ પાટીયા, સુરત +91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com

# الإرشاد

# અલ ઈર્શાદ

લેખક : શેખ મુફીદ    ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર એડ. જાફરી

## હઝરત ઇમામ મૂસા કાઝિમ ઇબ્ને જાફર (અ.)

(ગતાંકનું ચાલુ)

**ઈમામ મૂસા (અ.)ની ઈમામત માટે આપ (અ.)ના વાલિદ તરફથી નસ્સ (લખાણ)**

આપ (અ.)ની ઈમામતની નિમણૂકના વિષે આપ (અ.)ના બે ભાઈઓએ પણ ગવાહી આપી છે, જેમનાં નામ ઈસ્હાક અને અલી હતાં અને આ બન્ને ઈમામ જાફર સાદિક (અ.)ની ઓલાદ હતા. તે બન્ને ભાઈઓની શ્રેષ્ઠતા બાબતે કોઈ મતભેદ નથી.

તેમનાં નિવેદનો વિશ્વસનીય છે અને તે બન્ને ભાઈઓએ પોતાના વાલિદ પછી પોતાના ભાઈ હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)ને જ ઈમામ માન્યા હતા.

મૂસા અલ–સયકલે મુફઝ્ઝલ ઈબ્ને ઉમર જુઅફીના સંદર્ભથી રિવાયત કરી છે કે તેઓ કહેતા હતા કે, "હું (મુફઝ્ઝલ ઈબ્ને ઉમર જુઅફી) એક દિવસ અબૂ અબ્દિલ્લાહ (હઝરત જાફર સાદિક (અ.))ની પાસે હતો કે ત્યાં અબૂ ઈબ્રાહીમ મૂસા (અ.) આવી ગયા. હજુ તેઓ બાલ્યાવસ્થામાં હતા. અબૂ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.) એ મને કહ્યું કે, "તમારા ભરોસાપાત્ર સહાબીઓને જણાવી દો કે ઈમામતના હોદ્દા માટે મૂસા (અ.)ને નિમવામાં આવ્યા છે."

સુબૈતે મુઆઝ ઈબ્ને કસીરના હવાલાથી અને તેમણે ઈમામ જાફર સાદિક (અ.)ના હવાલાથી રિવાયત કરી છે કેઃ

મેં (મુઆઝ ઈબ્ને કસીરે) ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું કે, "હું અલ્લાહથી દુઆ કરું છું કે જેમ તેણે આપના વાલિદ પછી આપને ઈમામતના હોદ્દા પર બિરાજમાન કર્યા, તેવી જ રીતે આપને આપના પછી ઈમામતનો વારિસ અતા કરે.

ઈમામ (અ.)એ જવાબ આપ્યો, "આ હુકમ અલ્લાહ તરફથી પૂરો થઈ ગયો છે."

મેં પ્રશ્ન કર્યો, "હું આપના ઉપર કુરબાન થઈ જાઉં કે તે કોણ છે?"

આપ (અ.)એ અલ–અબ્દ અલ–સાલેહ (અલ્લાહના નેક બંદા) એટલે કે મૂસા ઈબ્ને જાફર (અ.), કે જેઓ તે સમયે આરામ ફરમાવી રહ્યા હતા, તેમની તરફ ઈશારો કરીને કહ્યું કે, "એ જ કે જે હાલ સૂઈ રહ્યા છે. (તે મારા વારસદાર છે)." તે

સમયે ઈમામ મૂસા (અ.)ની ઉંમર ઘણી નાની હતી.

અબૂ અલી અલ–અર્રજાનીએ અબ્દુર્રહમાન ઈબ્ને હજ્જાજના હવાલાથી રિવાયત કરી છે કે તેઓ કહેતા હતા કેઃ

હું એક વાર ઈમામ જાફર સાદિક (અ.)ની ઝિયારત માટે ગયો હતો. આપ (અ.) પોતાના મકાનના ઈબાદતખાનામાં બેઠેલા હતા. જ્યારે હું તે ઓરડામાં દાખલ થયો, ત્યારે ઈમામ (અ.) ઈબાદતમાં વ્યસ્ત હતા. આપ (અ.)ની જમણી બાજુએ આપ (અ.)ના ફરઝંદ મૂસા ઈબ્ને જાફર (અ.) હતા અને તેઓ પણ ઈબાદતમાં વ્યસ્ત હતા.

"હું આપના ઉપર કુરબાન થઈ જાઉં," મેં કહ્યું, "આપ તો જાણો જ છો કે મેં મારું જીવન આપની સેવા માટે વકફ કરી દીધું છે. હવે આપ મને એટલું જણાવો કે આપના પછી આપનો વારસદાર (વલી ઉલ અમ્ર) કોણ થશે?"

આપ (અ.)એ જવાબ આપ્યો, "અય અબ્દુર્રહમાન! મારા ફરઝંદે બખ્તર પહેર્યું છે કે જે તેમને બરોબર બંધબેસે છે."

"હવે મારે કોઈ બીજી વાત પૂછવાની જરૂરિયાત રહી નથી," મેં જવાબ આપ્યો.

અબ્દુલ અલાએ ફૈઝ ઈબ્ને મુખ્તારના હવાલાથી આ હદીસ જણાવી છે કે તેઓ કહે છે કે:

મેં (ફૈઝ ઈબ્ને મુખ્તારે) અબૂ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.)ને કહ્યું, "મને જહન્નમની આગથી બચાવી લો અને જણાવી દો કે આપના પછી ઈમામ કોણ બનશે?"

અબૂ ઈબ્રાહીમ મૂસા (અ.) એ જ સમયે ત્યાં આવી પહોંચ્યા, કે જેઓ હજુ પુખ્ત વયે પહોંચ્યા ન હતા, ત્યારે ઈમામ સાદિક (અ.)એ કહ્યું, "આ જ તમારા લોકોના ઈમામ (સાહેબે અમ્ર) છે; તેમનાથી નિકટતા જાળવી રાખજો."

ઈબ્ને અબી નજાને મન્સૂર ઈબ્ને હાઝમથી રિવાયત કરી છે કે તેઓ કહેતા હતા કે:

મેં (મન્સૂર ઈબ્ને હાઝમે) અબૂ અબ્દિલ્લાહ (ઈમામ જાફર સાદિક (અ.))ને પૂછયું કે, "હું આપના ઉપર કુરબાન થઈ જાઉં અને મારાં માબાપ આપ પર ફિદા થઈ જાય, આજકાલ લોકો આપના પછી આપના સાહેબે અમ્ર કોણ હશે તેને લઈને અલકમલકની વાતો કરે છે. શું આપ જણાવશો કે તેઓ કોણ છે?"

અબૂ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.) એ પોતાનો મુબારક હાથ અબુલ હસન મૂસા કાઝિમ (અ.)ના જમણા ખભે રાખીને કહ્યું, "એવું હોય તો પછી (જાણી જ લો કે) આ તમારા સાહેબે અમ્ર છે."

જ્યાં સુધી મને યાદ છે ત્યાં સુધી તે સમયે તેમની ઉંમર લગભગ પાંચ વર્ષ હશે. જ્યારે આ વાતચીત થઈ રહી હતી ત્યારે અબ્દુલ્લાહ ઈબ્ને જાફર પણ ત્યાં હાજર હતા.

ઈબ્ને અબી નજાને ઈસા ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને મોહંમદ ઈબ્ને ઉમર ઈબ્ને અબી તાલિબના

હવાલાથી અને તેમણે અબૂ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.)ના હવાલાથી રિવાયત કરી છે કે તેઓ કહેતા હતા કે:

મેં ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું, "ખુદા–ન–ખ્વાસ્તા આપને કંઈ થઈ જાય, તો હું કોની તાબેદારી કરું?"

ઈમામ જાફર સાદિક (અ.)એ પોતાના ફરઝંદ મૂસા કાઝિમ (અ.)ની તરફ ઈશારો કર્યો.

મેં વધુમાં પૂછ્યું, "ખુદા–ન–ખ્વાસ્તા મૂસા કાઝિમ (અ.)ને કંઈ થઈ જાય, તો પછી મારે કોની તાબેદારી કરવી?"

"મૂસા કાઝિમ (અ.)ના ફરઝંદની," આપ (અ.)એ જવાબ આપ્યો.

"જો તેમના બેટાને કંઈ થાય તો પછી?"

"તેમના બેટાના બેટાની."

"જો તેમને પણ કંઈ થઈ જાય, અને તેમની વફાતના સમયે તેમના ફરઝંદની વય નાની હોય અને તેમના મોટા ભાઈ પણ હયાત હોય તો શું કરવું?" મેં પૂછવાનું ચાલુ રાખ્યું.

"દીકરાની તાબેદારી કરવી. આ જ પરંપરા હરહંમેશ ચાલુ રહેશે," આપ (અ.)એ જવાબ આપ્યો.

ફઝલ ઈબ્ને તાહિર ઈબ્ને મોહંમદના સંદર્ભથી અને તેઓ અબૂ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.)ના સંદર્ભથી જણાવે છે:

મેં (તાહિર ઈબ્ને મોહંમદે) જોયું કે ઈમામ જાફર સાદિક (અ.) પોતાના ફરઝંદ અબ્દુલ્લાહને ચેતવતાં કહી રહ્યા છે કે, "તમારા માર્ગમાં શું અડચણ છે કે તમે પોતાના ભાઈ જેવા નથી બની શકતા? અલ્લાહની કસમ! હું મૂસા કાઝિમ (અ.) ના ચહેરા ઉપર નૂરનાં કિરણો જોઈ રહ્યો છું."

"આવું કેમ છે?" અબ્દુલ્લાહે પ્રશ્ન કર્યો, "શું મારા વાલિદ અને તેમના વાલિદ એક નથી? શું મારો વંશ અને તેમનો વંશ એક નથી?"

"તમે મારા ફરઝંદ છો પણ તેમનામાં મારી રૂહ છે," ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો.

મોહંમદ ઈબ્ને સિનાને યાકૂબ અલ–સર્રાજના સંદર્ભથી રિવાયત કરી છે કે તેઓ કહેતા હતા કે:

"હું (યાકૂબ અલ–સર્રાજ) અબૂ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.)ની મુલાકત માટે ગયો. આપ (અ.) અબુલ હસન મૂસા (અ.)ના સિરહાને ઊભેલા હતા. તે સમયે મૂસા કાઝિમ (અ.) ઘોડિયામાં સૂઈ રહ્યા હતા. ઈમામ (અ.) પોતાના ફરઝંદને રમાડી રહ્યા હતા. હું બેસી ગયો અને તે જોતો રહ્યો. જ્યારે ઈમામ (અ.)એ તેમને રમાડી લીધા, તો હું આપ (અ.)ની સામે ઊભો થઈ ગયો. આપ (અ.)એ મને કહ્યું, "તમારા મૌલા પાસે જઈને તેમને સલામ કરો."

"હું પારણાની નજીક ગયો અને સલામ કરી અને તેમણે મને ફસાહતની સાથે સલામનો જવાબ આપ્યો. પછી મૂસા કાઝિમ (અ.)એ મને કહ્યું, "જાઓ, અને તમારી બેટીનું નામ બદલી નાખો કે

જે તમે કાલે જ રાખ્યું છે. તે નામને અલ્લાહ પસંદ નથી કરતો." મારે ત્યાં એક બેટી જન્મી હતી તેનું નામ મેં હુમૈરા રાખ્યું હતું."

"જેવો તમને હુકમ આપવામાં આવ્યો છે, તેનું પાલન કરો," ઈમામ જાફર સાદિક (અ.)એ મને કહ્યું. મેં મારી દીકરીનું નામ બદલી નાખ્યું.

ઈબ્ને મુસ્કાને સુલૈમાન ઈબ્ને ખાલિદના હવાલાથી હદીસ જણાવી છે કે તેઓ કહેતા હતા કે,

એક દિવસ, અબૂ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.)એ અબુલ હસન મૂસા (અ.) ને બોલાવ્યા અને તે સમયે અમે લોકો ત્યાં હાજર હતા. આપ (અ.)એ અમને કહ્યું, "મારા પછી તમારા લોકો પર આમની ઈતાઅત વાજિબ છે. અલ્લાહની કસમ! મારા પછી આ તમારા સાહેબુલ અમ્ર છે."

અલ–વશ્શાએ અલી ઈબ્ને હુસૈન (અ.)ના હવાલાથી જણાવ્યું છે, અને તેમણે સફ્વાન ઈબ્ને જમાલના હવાલાથી રિવાયત કરી છે કે તેઓ કહેતા હતા કે:

મેં અબા અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું કે, "તમારા પછી સાહેબે અમ્ર કોણ થશે?" તો આપ (અ.)એ જવાબ આપ્યો, "મારા પછી સાહેબે અમ્ર એ જ હશે કે જે રમતગમતમાં રુચિ નથી ધરાવતો, કે ન તે કોઈની સાથે હસી–મજાક કરે છે." અબુલ હસન મૂસા (અ.) ઘણા નાના હતા. તેઓ ત્યાં આવી ગયા. તેમની પાસે એક વાછરડું હતું. મૂસા કાઝિમ (અ.) તેનું મોં કા'બાની તરફ ફેરવીને કહી રહ્યા હતા, "પોતાના માઅબૂદને સજ્દો કર."

અબૂ અબ્દિલ્લાહે તેમનો હાથ પકડ્યો અને તેમને ગળે લગાવીને કહ્યું, "હું અને મારાં મા–બાપ તમારા ઉપર કુરબાન થઈ જઈએ, તમે તે જ છો કે જે પોતાનો સમય રમતગમતમાં વેડફતા નથી કે ન લોકોની ઠઠ્ઠામશ્કરી કરો છો."

યાકૂબ ઈબ્ને જાફર જુઅફીએ ઈસ્હાક ઈબ્ને ઈમામ જાફર સાદિક (અ.)ના હવાલાથી જણાવ્યું કે તેઓ કહેતા હતા કે:

"એક દિવસ હું મારા વાલિદની સાથે હતો કે અલી ઈબ્ને ઉમર ઈબ્ને અલીએ મારા વાલિદ ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું, "હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, અમે લોકો આપના પછી કોની હિદાયત ઉપર ચાલીશું?"

ઈમામ (અ.)એ ઈર્શાદ ફરમાવ્યો, "જેણે બે પીળા રંગનાં કપડાં પહેરેલાં હોય અને જેના માથાના વાળની બે લટો હોય, અને જે (હવે) સામેવાળા દરવાજેથી અંદર દાખલ થશે."

અમારે વધારે રાહ ન જોવી પડી કે અમે જોયું કે બે નાના નાના હાથો દરવાજો ખોલી રહ્યા છે. આંખના પલકારામાં અમારી સામે અબૂ ઈબ્રાહીમ મૂસા (અ.) ઊભા હતા. તેમની વય ઘણી નાની હતી, અને તેમણે બે પીળા રંગનાં કપડાં પહરેલાં હતાં. (ક્રમશ:)

હઝરત ઇમામ ઝૈનુલ આબેદીન (અ.)ની કિતાબ
'રિસાલા હુકૂક'ની શર્હ

# આઈનાએ હુકૂક

સંપાદક: જનાબ કુદ્રતુલ્લાહ મશાયખી સાહેબ

# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક: મોમિનરત્ન

## ખુશ કરવાવાળાનો હક

وَاَمَّا حَقُّ مَنْ سَرَّكَ اللّٰهُ بِهٖ وَعَلٰى يَدَيْهِ فَاِنْ كَانَ تَعَمَّدَهَا لَكَ حَمِدْتَّ اللّٰهَ اَوَّلًا ثُمَّ شَكَرْتَهٗ عَلٰى ذٰلِكَ بِقَدْرِهٖ فِيْ مَوْضِعِ الْجَزَآءِ وَكَافَأْتَهٗ عَلٰى فَضْلِ الْاِبْتِدَآءِ وَاَرْصَدْتَّ لَهُ الْمُكَافَاةَ وَاِنْ لَمْ يَّكُنْ تَعَمَّدَهَا حَمِدْتَّ اللّٰهَ وَشَكَرْتَهٗ وَعَلِمْتَ اَنَّهٗ مِنْهُ تَوَحَّدَكَ بِهَا وَاَحْبَبْتَ هٰذَا اِذْ كَانَ سَبَبًا مِنْ اَسْبَابِ نِعَمِ اللّٰهِ عَلَيْكَ وَتَرْجُوْ لَهٗ بَعْدَ ذٰلِكَ خَيْرًا فَاِنَّ اَسْبَابَ النِّعَمِ بَرَكَةٌ حَيْثُ مَا كَانَتْ وَاِنْ كَانَ لَمْ يَتَعَمَّدْ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ

*જે વ્યક્તિ દ્વારા ખુદાએ તમને ખુશ અને આનંદિત કર્યા છે, એનો હક એ છે કે અગર તેનો ઈરાદો તમને ખુશ કરવાનો હતો, તો પહેલાં તેનો શુક્રિયા અદા કરો અને પછી એને એટલો બદલો આપો કે જેટલા પ્રમાણમાં તેણે તમને ખુશ કર્યા હોય, અને હંમેશાં તેના એહસાનનો બદલો ચૂકવવાની ચિંતામાં રહો. અને જો તેનો ઈરાદો તમને ખુશ કરવાનો નહોતો, તો (પણ) ખુદાની હમ્દ અને તેનો શુક્ર અદા કરો અને એ જાણી લો કે આ ખુશી તેના તરફથી છે, અને તે તમારા માટે ખુદાની નેઅમતોનું કારણ બન્યો એટલા માટે તેની સાથે મોહબ્બત કરો અને તેના માટે શુભચિંતક બનો, કેમ કે નેઅમતોનાં કારણો પણ નેઅમત છે, ભલે ક્યાંય પણ હોય અને તે તેનો ઈરાદો પણ ન ધરાવતો હોય.* કોઈ તાકાત નથી સિવાય કે જે અલ્લાહથી હોય.

**જીવનની જુદી જુદી પરિસ્થિતિઓ:**

જે દુનિયામાં આપણે જિંદગી પસાર કરી રહ્યા છીએ, એ દુનિયાની પરિસ્થિતિઓ જુદી જુદી હોય છે. ક્યારેક માણસની જિંદગી રંજ, ગમ અને મુશ્કેલીઓથી ભરપૂર હોય છે અને માણસની નજાતની કશ્તી, કશ્તીને તોડી નાખનાર મોજાંની લપેટમાં આવી જાય છે કે જે કશ્તીને કિનારા સુધી પહોંચવાથી રોકી લેનાર હોય છે, તો ક્યારેક માણસની જિંદગી ખુશીઓ અને આનંદથી ભરાઈ જાય છે, અને પરિસ્થિતિઓ એવી બની જાય છે કે ઈન્સાનની ખુશીનો પાર હોતો નથી. ઈસ્લામ અને કુરઆનના કલ્યાણકારી અહકામ એ બન્ને તબક્કાઓમાં માણસને અતિરેકના રસ્તાથી હટાવીને સંતુલિત અને મધ્યમમાર્ગ પર લગાવી દે છે.

જે રીતે ઘણીબધી મુશ્કેલીઓમાં ઘેરાઈ જવા પછી માણસે ખુદાથી નિરાશ ન થવું જોઈએ, અને નજાતના બધા જ રસ્તાઓને પોતાના માટે બંધ સમજવા ન જોઈએ, એવી જ રીતે ખુશાલી, એશોઆરામની જિંદગીમાં પણ માણસે ગાફિલ ન થવું જોઈએ અને પોતાને ભૂલી જવો ન જોઈએ કે જેના પરિણામે ખુદાને ભૂલી જાય, બલ્કે બન્ને તબક્કાઓમાં ખુદાને યાદ રાખવો જોઈએ. ખુશાલીના સમયમાં એવું વિચારવું જોઈએ કે બધી નેઅમતો ખુદાએ આપેલી છે, અને જો લોકો તેના તરફ આકર્ષિત હોય તો એવો વિચાર કરે કે આ ખુદાની મરજી છે; પરંતુ જો મુશ્કેલીઓ અને દુર્ઘટનાઓમાં ઘેરાઈ જાય કે જે માણસની જિંદગીમાં સુધારણાની અસર ધરાવતી હોય છે, તો પણ ખુદા પર નજર રાખવી જોઈએ. ટૂંકમાં એટલું જ કે રંજ અને ખુશી બન્નેમાં અતિશયતા અને બેપરવાહીથી બચવું જોઈએ. જે બાબતોથી ઈન્સાન ખુશ થતો હોય છે, તે છે મકામ, હોદ્દો, માલોદોલત, સત્તા, અને પ્રતિષ્ઠા; કોઈક સંજોગોમાં બીજાઓ પર એહસાન કરવો પણ માણસની ખુશાલીનું કારણ બને છે. ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) આ બયાનમાં ખુશ કરવાવાળાના હકની બાબતમાં ઉપર્યુક્ત વાક્યો ઈર્શાદ ફરમાવે છે.

**મોમિનોને ખુશ કરવાનો સવાબ**

કિતાબ 'ઉસૂલે કાફી'માં એક પ્રકરણ "اِدْخَالِ السُّرُوْرِ عَلَى الْمُوْمِنِيْنَ"ના વિષય પર રચવામાં આવ્યું છે. એમાં અસલ ખુશી અને બીજાઓને ખુશ કરવાનું મહત્ત્વ બયાન કરવામાં આવ્યું છે, અને તેના સવાબ સંબંધી કેટલીક રિવાયતો નકલ થયેલી છે. અમે અહીં કેટલીકની તરફ ઈશારો કરીએ છીએ:

અબૂ હમ્ઝા સુમાલીથી મન્કૂલ છે કે તેમણે કહ્યું: "મેં ઈમામ મોહંમદ બાકિર (અ.)ને ફરમાવતાં સાંભળ્યા છે, "રસૂલલ્લાહ (સ.)નો ઈર્શાદ છે: "જે વ્યક્તિએ કોઈ મોમિનને ખુશ કર્યો, તેણે મને ખુશ કર્યો; અને જેણે મને ખુશ કર્યો, તેણે ખુદાને ખુશ કર્યો."" (અલ કાફી, જિલ્દ–૨, સફહા–૧૮૮)

જે માણસ જિંદગીભર એવી વસ્તુની તલાશ કરવાની કોશિશ કરે છે કે જેનાથી ખુદા અને રસૂલ (સ.)ને ખુશ કરી શકાય, અને એના દ્વારા ખુદા અને રસૂલ (સ.)ની સમીપતા અને નજદીકી પ્રાપ્ત કરી શકાય, તો તેને ખબર હોવી જોઈએ કે ખુદા અને રસૂલ (સ.)ને ખુશ કરવાનો એક તરીકો બીજાઓને ખુશ કરવા પણ છે. સમાજની એકતા પર આની હકારાત્મક અસર થશે. એના દ્વારા સમાજમાંથી દુશ્મનોને પણ બરતરફ કરી શકાય છે.

બીજી રિવાયતમાં આ રીતે નકલ થયેલ છે:

જાબિરે ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું,

"કોઈ વ્યક્તિનું પોતાના ભાઈને હસાવવું એક નેકી છે, અને મુસલમાનથી કોઈ નુકસાન કે હાનિને બરતરફ કરવી એક નેકી છે અને જે વસ્તુ દ્વારા ખુદાની ઈબાદત કરવામાં આવે છે, એમાંથી

ખુદાની નજીક સૌથી પ્રિય વસ્તુ મોમિન ભાઈને ખુશ કરવો છે."

(અલ કાફી, જિલ્દ–૨, સફહા–૧૮૮)

આ હદીસ મોમિનોની એકબીજા પ્રત્યેની મોહબ્બત પર દલીલ કરી રહી છે. આ ઉપરાંત, આ હદીસમાં મોમિનને ખુશ કરવાને ઈબાદત ગણવામાં આવી છે. ઈર્શાદ છે: એવી કોઈ વસ્તુ દ્વારા ખુદાની ઈબાદત નથી કરવામાં આવી કે જે મોમિનને ખુશ કરવા કરતાં વધારે ખુદાને પ્રિય હોય. એટલા માટે જે માણસ કોઈને ખુશ કરવા માટે પગ ઉપાડે છે, હકીકતમાં તે સર્વશ્રેષ્ઠ તરીકાથી ખુદાની ઈબાદત કરે છે.

આ પ્રકરણની ત્રીજી રિવાયતમાં ઈમામ મોહંમદ બાકિર (અ.) ફરમાવે છે: "હઝરત મૂસા ઈબ્ને ઈમરાન (અ.)એ અલ્લાહની સાથે જે મુનાજાત કરી હતી, તેના સંદર્ભમાં આવ્યું છે કે, ખુદાએ ફરમાવ્યું, "અય મૂસા! મારા એવા બંદાઓ મોજૂદ છે કે જેમના માટે મેં પોતાની જન્નતને મુબાહ કરી દીધી છે અને તેમને હું જન્નતમાં હુકૂમત અતા કરીશ." મૂસા (અ.)એ અરજ કરી, "પરવરદિગાર! જે લોકોનો જન્નતમાં આવો રુત્બો છે, તેઓ કોણ છે?" ઈર્શાદ થયો, "જેણે બીજા મોમિનને ખુશ કર્યો હોય."

પછી આ હદીસ બયાન કરી, "અગર કોઈ મોમિન એવી જગ્યાએ જિંદગી પસાર કરતો હોય, કે જ્યાંનો હાકિમ જાલિમ અને સિતમગાર હોય, અને ત્યાંથી નાસી જઈને એવી જગ્યાએ જાય કે જ્યાં મુશરિકો વસતા હોય, અને તેમની પનાહમાં રહે, તો ખુદાવંદે આલમ તેના મોતના સમયે તેના પર વહી કરે છે કે, "અય મારા બંદા! જો મારી જન્નતમાં તારા માટે જગ્યા હોત, તો હું તેમાં તને જગ્યા આપત, પરંતુ જેણે કોઈને મારો શરીક ગણ્યો છે, તેના માટે જન્નત હરામ છે. આગને હુકમ થશે કે તેને પોતાની પકડમાં લઈ લે, પરંતુ તેને તકલીફ ન આપજે, અને સવારસાંજ તેને તેની રોજી પહોંચે છે." સવાલ કરવામાં આવ્યો, "ક્યાંથી?"

ફરમાવ્યું, "જ્યાંથી ખુદા ઈચ્છે છે." આ એ વ્યક્તિથી પ્રસંગયુક્ત છે કે જે જાલિમની સરઝમીનમાંથી નીકળીને મુશરિકોની સરઝમીન પર ચાલ્યો જાય અને તેમના રંગમાં રંગાઈ જાય.

આવો જ ભાવાર્થ કુરઆને મજીદની આ આયતમાં બયાન થયેલો છે:

إِنَّ اللَّهَ لَا يَغْفِرُ أَنْ يُشْرَكَ بِهِ وَيَغْفِرُ مَا دُونَ ذَٰلِكَ لِمَنْ يَشَاءُ ۚ

*(બેશક, ખુદા શિર્કના ગુનાહને (ક્યારેય) માફ નહીં કરે, અને જેમનો ગુનાહ શિર્કથી નાનો હશે એમાંથી જેમને ઈચ્છશે, બખ્શી દેશે.)*

આ હદીસમાં એવું બયાન થયું છે કે જે લોકો બીજાઓની ખુશી અને આનંદનો સામાન એકત્ર કરે છે, તેઓ જન્નતમાં જશે અને જન્નતમાં તેમનો ખાસ મર્તબો હશે. (ક્રમશ:)

ABIDBHAI
9558389183

# KK EQUIPMENT

## We are Provide Ajax Fiori & Transit Mixer For Rent




Service
Available In



**GUJARAT | BIHAR**
**RAJASTHAN | M.P | U.P**

**CC Road, Bridge Works, Railway Pate Form, Low Hight Subway, Canal Structure Walls, Tower & Other Foudation, Wind Mill Works, Civil Building Works**

1st Floor Maaz Avenue Complex Near ABN Auto Parts RTO by Pass Road Himmatnagar Gujarat 383220 INDIA

# તહ્ઝીબુલ ઈસ્લામ

# تہذیب الاسلام

લેખકઃ અલ્લામા મોહંમદ બાકિર મજલિસી

ઉર્દૂ અનુવાદકઃ મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી

ગુજરાતી અનુવાદકઃ હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

**પ્રકરણ–૨**

**પુરુષો અને સ્ત્રીઓએ ઘરેણાં પહેરવાં, સૂરમો લગાવવો, આઈનામાં જોવું અને ખિઝાબ લગાવવાના આદાબ**

**(૭) નગીના પર શું શું કોતરાવવું યોગ્ય છે?**

હુસૈન ઈબ્ને ખાલિદે હઝરત ઈમામ રઝા (અ.) ની સેવામાં હાજર થઈને અરજ કરી કે, "શું એ યોગ્ય છે કે કોઈ વ્યકિત પાયખાનામાં જતી વખતે હાથમાં એવી અંગૂઠી પહેરે કે જેના પર لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ કોતરાયેલું હોય?" હઝરતે ફરમાવ્યું, "હું આ કાર્ય કોઈના માટે પણ સારું સમજતો નથી." તેથી હુસૈને અરજ કરી કે, "શું રસૂલે ખુદા (સ.) અને આપના બાપદાદા અંગૂઠી પહેરીને પાયખાને જતા ન હતા?" ફરમાવ્યું, "હા, જતા હતા, પરંતુ એમના જમણા હાથમાં અંગૂઠી રહેતી હતી. તમે અલ્લાહથી ડરો અને એમના પર આક્ષેપ ન મૂકો." પછી ફરમાવ્યું, "હઝરત આદમ (અ.) પાસે

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ

કોતરાયેલો નગીનો હતો કે જે જન્નતમાંથી સાથે લાવ્યા હતા.

હઝરત નૂહ (અ.) જ્યારે કશ્તીમાં સવાર થયા, તો ખુદા તઆલાએ વહી કરી કે, "અય નૂહ! જો ડૂબવાથી ડરતા હો, તો એક હજાર વખત لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ પઢીને દુઆ કરો. હું તમને અને તમારા ઈમાનદાર સાથીઓને ડૂબવાથી બચાવી લઈશ." કશ્તી ચાલી જતી હતી કે એક દિવસ ઝડપથી પવન ફૂંકાયો અને હઝરત નૂહ (અ.)ને ડૂબવાનો ભય લાગ્યો અને એ વાતનો પણ સમય ન હતો કે એક હજાર વખત لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ કહે, એ કારણે સુરયાની ભાષામાં કહ્યું,

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ اَلْفَ مَرَّةٍ يَا رَبِّ اَصْلِحْنِىْ

(અય મારા પરવરદિગાર! હું એક હજાર વખત આવું કહું છું કે સિવાય અલ્લાહના કોઈ માઅબૂદ નથી. તું મારી હાલતને સુધારી લે.)

તોફાન જતું રહ્યું, કશ્તી ચાલવા લાગી. હઝરત નૂહ (અ.)એ ઈચ્છ્યું કે જે શબ્દોથી મને નજાત મળી છે, હંમેશાં મારી પાસે રહે. તેથી તેનો અરબી અનુવાદ

وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ

(અલ્લાહ સિવાય કોઈની કોઈ કુદરત કે શકિત નથી.)

فَوَّضْتُ اَمْرِیْ اِلَی اللّٰهِ

(મેં પોતાનો કારોબાર અલ્લાહને સોંપી દીધો.)

اَسْنَدْتُّ ظَهْرِیْ اِلَی اللّٰهِ

(મારો સહારો અને ભરોસો અલ્લાહ પર છે.)

حَسْبِیَ اللّٰهُ

(અલ્લાહ મારા માટે કાફી છે.)

અને વહી ફરમાવી કે આ અંગૂઠીને હાથમાં પહેરી લો કે આગ તમારા પર ઠંડી થઈ જાય અને તેની ઠંડી પણ ઈજા ન પહોંચાડે.

હઝરત મૂસા (અ.)નો નગીનો આ બે કલેમાથી કોતરાયેલો હતો કે જે તૌરાતથી લેવામાં આવ્યા હતા:

اِصْبِرْ تُؤْجَرْ اُصْدُقْ تَنْجُ

(સબ્ર કર બદલો મેળવીશ, સાચું બોલ નજાત મળશે.)

હઝરત સુલયમાન (અ.)નો કોતરાયેલો નગીનો આ હતો:

سُبْحَانَ مَنْ اَلْجَمَ الْجِنَّ بِکَلِمَاتِهٖ

(પાકો પાકીઝા છે એ ખુદા કે જેણે જિન્નાતોની જબાન પોતાના કલેમાથી બંધ કરી દીધી છે.)

હઝરત ઈસા (અ.)ના કોતરાયેલા નગીના પર આ બે કલેમા હતા કે જે ઈન્જીલથી લેવામાં આવ્યા

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ اَلْفَ مَرَّةٍ یَا رَبِّ اَصْلِحْنِیْ

પોતાની અંગૂઠી પર નકશ કરી દીધો.

જ્યારે હઝરત ઈબ્રાહીમ (અ.)ને આગમાં નાખવા માટે ગોફણમાં બેસાડવામાં આવ્યા, તો જિબ્રઈલ (અ.)ને ગુસ્સો ચઢ્યો. હક તઆલાએ જિબ્રઈલ (અ.)ને વહી કરી કે, “તમને ગુસ્સો કેમ ચઢ્યો?” અરજ કરી, “અય પરવરદિગાર! ઈબ્રાહીમ (અ.) તારા ખલીલ છે અને તેના સિવાય કોઈ એવો નથી કે જે તારી વહદાનિયતને માનતો હોય, અને તેં પોતાના અને તેના દુશ્મનને તેના પર વિજયી કરી દીધો છે.” પરવરદિગાર તરફથી વહી થઈ કે, “ચૂપ રહો, કામમાં ઉતાવળ એ વ્યકિત કરે છે કે જે તારા જેવો લાચાર બંદો હોય, અને જેને સમયને પોતાના હાથથી નીકળી જવાનો ભય હોય. ઈબ્રાહીમ અમારો બંદો છે અમે જ્યારે ઈચ્છીએ તેને છોડાવી શકીએ છીએ.” જિબ્રઈલ (અ.)એ ત્યાંથી સંતોષ પામીને ઈબ્રાહીમ (અ.)ની તરફ ધ્યાન આપ્યું અને પૂછ્યું કે, “આપને કંઈ જરૂર છે?” ફરમાવ્યું, “છે, પરંતુ તમારાથી નહીં.” તે જ સમયે હક તઆલાએ ઝુમુર્રુદની અંગૂઠી એમના માટે મોકલી કે જેના પર આ છ કલેમા કોતરાયેલા હતા:

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ

(સિવાય અલ્લાહના કોઈ માઅબૂદ નથી.)

مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ

(મોહંમદ (સ.) અલ્લાહના રસૂલ છે.)

હતા:

طُوْبٰى لِعَبْدٍ ذُكِرَ اللّٰهُ مِنْ اَجْلِهٖ وَوَيْلٌ لِّعَبْدٍ نُسِىَ اللّٰهُ مِنْ اَجْلِهٖ

(તે બંદાને ખુશહાલ કે જેને કારણે લોકો ખુદાને યાદ કરે, અને બદહાલ એ બંદાનો કે જેના કારણે લોકો અલ્લાહને ભૂલી જાય.)

રસૂલે ખુદા (સ.)નો કોતરાયેલો નગીનો આ હતો:

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ

(અલ્લાહના સિવાય કોઈ માઅબૂદ નથી અને મોહંમદ (સ.) અલ્લાહના રસૂલ છે.)

હઝરત અમીર (અ.)નો કોતરાયેલો નગીનો આ હતો:

لِلّٰهِ الْمُلْكُ

(હકીકી સલ્તનત અલ્લાહની છે.)

હઝરત ઈમામ હસન (અ.)નો કોતરાયેલો નગીનો આ હતો:

اَلْعِزَّةُ لِلّٰهِ

(હકીકી ઈઝઝત અલ્લાહની છે.)

હઝરત ઈમામ હુસૈન (અ.)નો કોતરાયેલો નગીનો આ હતો:

اِنَّ اللّٰهَ بَالِغُ اَمْرِهٖ

(જરાય શક નથી કે અલ્લાહ પોતાના હુકમને પૂરા કરવાવાળો છે.)

હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) અને હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) હઝરત ઈમામ હુસૈન (અ.)ની અંગૂઠી પહેરતા હતા. હઝરત ઈમામ જાફર સાદિક (અ.)નો કોતરાયેલો નગીનો આ હતો:

اَللّٰهُ وَلِيِّىْ وَعِصْمَتِىْ مِنْ خَلْقِهٖ

(અલ્લાહ મારો સરપરસ્ત છે અને તે જ પોતાની મખ્લૂકાતથી મને બચાવવાવાળો છે.)

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)નો કોતરાયેલો નગીનો આ હતો:

حَسْبِىَ اللّٰهُ

(અલ્લાહ મારા માટે કાફી છે.)"

અહીં સુધી બયાન ફરમાવીને હઝરત ઈમામ અલી રઝા (અ.)એ પોતાનો હાથ લંબાવીને બતાવ્યું, તો આપ (અ.)એ પોતાના વાલિદે બુઝુર્ગવારની અંગૂઠી પહેરેલી હતી."

સહીહ હદીસમાં ઈમામ જાફર સાદિક (અ.) થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત રસૂલે ખુદા (સ.)નો કોતરાયેલો નગીનો હતો مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ અને અમીરુલ મોમિનીન (અ.)નો કોતરાયેલો નગીનો હતો لِلّٰهِ الْمُلْكُ અને ઈમામ મોહંમદ બાકિર (અ.)નો કોતરાયેલો નગીનો હતો اَلْعِزَّةُ لِلّٰهِ."

મોઅતબર હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, "કેટલાક લોકોએ એમનાથી પૂછ્યું કે, "શું પોતાના અને પોતાના બાપના નામના સિવાય બીજું કંઈ નગીના પર નકશ કરવું મકરૂહ છે?" હઝરતે ફરમાવ્યું કે, "મારી અંગૂઠીના નગીના પર કોતરાયેલું છે:

اَللّٰهُ خَالِقُ كُلِّ شَیْءٍ

અને મારા વાલિદનો કોતરાયેલો નંગ હતો:

اَلْعِزَّةُ لِلّٰهِ

અને હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)નો કોતરાયેલો નંગ હતો:

اَلْحَمْدُ لِلّٰهِ الْعَلِیِّ

અને હઝરત હસનૈન (અ.)નો કોતરાયેલો નંગ હતો:

حَسْبِیَ اللّٰهُ

અને અમીરુલ મોમિનીન (અ.)નો કોતરાયેલો નગીનો હતો: لِلّٰهِ الْمُلْكُ."

બીજી મોઅતબર રિવાયતમાં નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ના કોતરાયેલા નગીનાના આ શબ્દો હતા:

اَللّٰهُمَّ اَنْتَ ثِقَتِیْ فَقِنِیْ شَرَّ خَلْقِكَ

(યા અલ્લાહ મારો ભરોસો તારા પર છે, તું જ મને પોતાની મખ્લૂકના નુકસાનથી બચાવ.)"

સહીહ હદીસમાં હઝરત ઈમામ રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત ઈમામ જાફર સાદિક (અ.)નો કોતરાયેલો નગીનો હતો:

اَنْتَ ثِقَتِیْ فَاعْصِمْنِیْ مِنَ النَّاسِ

(મારા ભરોસાના લાયક તું જ છે, મને માણસોના નુકસાનથી બચાવ.)

અને હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)નો કોતરાયેલો નગીનો હતો:

حَسْبِیَ اللّٰهُ

અને તેના નીચે ફૂલ બનાવેલું હતું અને ઉપર બીજનો ચાંદ."

બીજી સહીહ હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત ઈમામ અલી રઝા (અ.)નો કોતરાયેલો નગીનો હતો:

مَا شَآءَ اللّٰهُ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ

(જે ખુદા ઈચ્છે છે, તે થાય છે અને ખુદાના સિવાય કોઈનામાં શકિત નથી.)"

મોઅતબર હદીસમાં હઝરત ઈમામ રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)નો કોતરાયેલો નગીનો હતો:

خَزِیَ وَشَقِیَ قَاتِلُ الْحُسَیْنِ بْنِ عَلِیٍّ

(હુસૈન ઈબ્ને અલી (અ.)નો કાતિલ બદનામ અને બદબખ્ત છે.)"

અબ્દુલ્લાહ ઈબ્ને સિનાન કહે છે કે, "હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ રસૂલલ્લાહ (સ.)ની અંગૂઠી મને દેખાડી. તેનો નગીનો કાળો હતો. જેના પર બે લાઈનમાં લખેલું હતું:

مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَاٰلِهٖ

(મોહંમદ (સ.) અલ્લાહના રસૂલ છે, એમની અને એમની ઓલાદ પર અલ્લાહની રહમત નાઝિલ થાય.)"

મોઅતબર હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત રસૂલલ્લાહ (સ.)એ અંગૂઠી પર કોઈ જાનવરનું ચિત્ર કોતરવાની મનાઈ ફરમાવી છે."

(ક્રમશ:)

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર અનુવાદક: મોમિન આબિદહુસૈન સાવદી

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૨: અલ્લાહ, માણસ અને કાએનાત — મઆદ વિષેના પ્રશ્નો

**અલ્લાહ**

(ગતાંકનું ચાલુ)

હવે, વાત કરીએ કે અલ્લાહનાં નામો અને સિફ્તો વચ્ચે શું ફર્ક છે, તો કહી શકાય કે, એક ચોકકસ સિફ્ત, જેમ કે, 'કરામત' (મહેરબાની), જ્યારે તેનો સંબંધ ઈલાહી ઝાત સાથે ઉલ્લેખાય છે, તો તેના પરિણામે (અલ્લાહનું) 'અલ–કરીમ' નામ સામે આવે છે. તેથી અલ્લાહની ઝાત, તેની સિફ્તો અને તેનાં નામો વચ્ચે એક અભેદ્ય સંબંધ રહેલો છે. સિફ્તો 'અસ્તિત્વની સ્થિતિ'ને સૂચવે છે, જેમ કે, કરામત, રહમત, વગેરે; જ્યારે કે, અલ્લાહનાં નામો આ સિફ્તોને પ્રતિબિંબિત કરે છે, જેમ કે, રહીમ, કરીમ, વગેરે.

ઈલાહી નામોમાંથી કેટલાંક નામ એવાં છે કે જેમના પર વિશેષ ભાર મૂકવામાં આવે છે, અને તેમનો બાકીનાં નામોની સરખામણીએ 'ઉમ્મહાત' (મા) તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે, કારણ કે આ નામો ઉપરથી જ બાકીનાં નામ ઊતરી આવ્યાં છે. ઉમ્મહાતમાં 'અલ–કાદિર' અને 'અલ–રહમાન' જેવાં નામોનો સમાવેશ થાય છે. આ સઘળાં નામો પણ વધુમાં ભવ્ય નામ 'અલ્લાહ'માં સમાયેલાં છે. આ નામે સઘળાં ઈલાહી નામોને પોતાનામાં સમાવેલાં છે, તેથી આ નામ એક જ સમયે ઈલાહી ઝાતનું મુખ્ય નામ પણ છે અને સઘળી ઈલાહી સિફ્તો તથા સઘળાં ઈલાહી નામોનો સમન્વય પણ છે.

એ બાબત પણ યાદ રાખવી મહત્ત્વની છે કે, 'અલ્લાહ' વિષેની ઈસ્લામી વિચારધારા તેની સર્વશક્તિમત્તા (કુદરતે મુત્લક) પર ખૂબ જ ભાર મૂકે છે. અલ્લાહ તેની મખ્લૂક પર કુદરત ધરાવનારો છે, જેમ કે કુરઆને મજીદ ઉલ્લેખ કરે છે, "અલ્લાહ છે જ સઘળી વસ્તુઓ પર કુદરત ધરાવનારો."[1] વધુમાં, તે સઘળું જાણનારો ('અલ–અલીમ') છે,

1 સૂરા બકરા, આયત–૨૦

જેમ કે "અને તે (નાનીમોટી) દરેક વસ્તુને જાણનારો છે,"[1] નાની અને મોટી તમામ. અલ્લાહ પોતાની મખ્લૂક પર સંપૂર્ણ કુદરત ધરાવે છે, તેમ જ સઘળી મખ્લૂકને જાણે પણ છે. તેથી, એક મુસલમાને એવી સભાનતાની સાથે જીવન જીવવું જોઈએ કે માણસના જીવનની દરેક ક્ષણે અલ્લાહ તેના પર કુદરત ધરાવે છે, અને જે કંઈ માણસ કરે છે તે બધું તે જાણે છે. અલ્લાહ આપણાં સઘળાં કાર્યોને નિહાળે છે અને તે પ્રમાણે આપણો ફેંસલો કરે છે.

અલ્લાહની કુદરત અને તેના અદ્લ પર જેટલો ભાર મૂકવામાં આવ્યો છે તેની સામે કુરઆન અને અહાદીસમાં તેની રહમત પર પણ એટલો જ ભાર મૂકવામાં આવ્યો છે, બલ્કે, લોકો જે વિચારે છે તેનાથી વિપરિત, અલ્લાહની રહમત પર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. જેવી રીતે આગળ ઉલ્લેખ થઈ ચૂકયો છે તેમ, એક સૂરાને છોડીને કુરઆને મજીદના દરેક સૂરાની શરૂઆત અલ્લાહની રહમત સૂચવતાં નામો — 'અલ–રહમાન' અને 'અલ–રહીમ' — વડે થાય છે, નહીં કે એવાં નામો વડે કે જે અલ્લાહના ગઝબ અને કહેરને સૂચવતાં હોય. એવી જ રીતે, એક મુસલમાનના જીવનનું દરેક કાર્ય 'બસમલાહ'થી જ શરૂ થવું જોઈએ. તેથી, નામોની આ શ્રેણી — અલ્લાહ, અલ–રહમાન, અલ–રહીમ — એક અર્થમાં ક્રમ દર્શાવે છે જે અલ્લાહ તરફથી શરૂ થઈને સર્વવ્યાપક રહમત કે જે અલ–રહમાન છે, ત્યાંથી લઈને વ્યક્તિગત મનુષ્ય માટે વિશેષ રહમત એટલે કે અલ–રહીમ નું સૂચન કરે છે. 'અલ–રહમાન' એ પ્રકાશિત આકાશની જેમ છે કે જેણે આપણા સૌને ઘેરી રાખ્યા છે; 'અલ–રહીમ' સૂર્યના એ કિરણની જેમ છે કે જે આસમાનમાંથી નીકળી આપણને વ્યક્તિગત રીતે સ્પર્શે છે, જેથી આપણને પ્રકાશિત કરે, રોશન કરે અને આ દુનિયાના જીવનની શીળતતાની સામે આપણને હૂંફ પહોંચાડે.

કુરઆને મજીદ ઘણી વાર 'વજ્હ' (ચહેરો) શબ્દ વડે પણ અલ્લાહની પાક ઝાત તરફ નિર્દેશ કરે છે. જેમ કે, આ આયતો જુઓ, "તો તમે જ્યાં પણ ફરો તો ત્યાં જ અલ્લાહનો ચહેરો (પાક ઝાત) છે,"[2] અથવા "દરેક વસ્તુ નાશ પામનારી છે, સિવાય કે તેનો ચહેરો."[3] તેથી 'વજ્હ' અથવા 'ચહેરો' એક મહત્ત્વની ઈસ્લામી વિચારધારા છે, કે જેને સમજવી ખૂબ જ જરૂરી છે. હકીકતમાં, 'વજ્હ' એટલે એ ઈલાહી નામો અને સિફતોનો મજમૂઓ કે જે કાએનાતથી સંબંધિત છે, અર્થાત્ ઈલાહી હકીકતનું એ પાસું છે કે જે મખ્લૂકની સંમુખ છે. અલબત્ત, ઈલાહી હકીકતનાં એવાં પાસાં પણ છે કે જે મખ્લૂકથી પર અને બુલંદ છે, અને જેને મખ્લૂકથી કાંઈ લેવાદેવાય નથી. તેથી 'અલ્લાહનો ચહેરો' ચોકકસપણે ઈલાહિય્યતનું એ પાસું છે કે જે મખ્લૂક સમક્ષ રહે છે, અને જે ખિલ્કત માટે

1 સૂરા બકરા, આયત–૨૯

2 સૂરા બકરા, આયત–૧૧૫

3 સૂરા કસસ, આયત–૮૮

કારણભૂત છે. ''દરેક વસ્તુ નાશ પામનારી છે, સિવાય કે તેનો ચહેરો,''નો અર્થ એવો થાય કે આ દુનિયાની સઘળી વસ્તુઓ — પહાડો, આસમાનો, ધરતી, અને અલબત્ત, આપણે મનુષ્યજાત પણ — એક દિવસ નાશ પામીશું; પરંતુ ઈલાહી નામો અને સિફ્તો કે જે આ દુનિયાની દરેક વસ્તુનો સ્રોત અને મૂળ છે, તે બાકી રહેશે. તે એટલા માટે બાકી રહેશે, કારણ કે તે અલ્લાહનાં નામો અને સિફ્તો છે, જ્યારે કે આ દુનિયાની વસ્તુઓ સમય આધારિત છે અને તેથી સમય જતાં નાશ પામશે. તે (સઘળી વસ્તુઓ) ઈલાહી નથી, અલ્લાહ જ કેવળ અલ્લાહ છે! અને મૂળભૂત રીતે તો કેવળ તેની ઝાત જ બાકી રહેનારી અને શાશ્વત છે.

અલ્લાહ વિષેની ઈસ્લામી વિચારધારાને સમજવાની કોશિશ કરતાં એ વાત યાદ રાખવી મહત્ત્વની છે કે મુસલમાનો માટે — જેમ કુરઆને મજીદમાં ઘણી વાર ભારપૂર્વક કહેવામાં આવ્યું છે તેમ — અલ્લાહ આ કાએનાતનો કેવળ સર્જનહાર જ નથી. આનો અર્થ એ કે બેશક, તે સર્જનહાર તો છે જ; પરંતુ કાએનાત સાથે તેનો સંબંધ કેવળ સર્જન કરવા પૂરતો સીમિત નથી, બલ્કે સર્જન બાદ તેને ટકાવી રાખનાર અને તેનો અંત આણનાર પણ છે, એ અર્થમાં કે સમગ્ર કાએનાત છેવટે તો તેની તરફ જ પાછી ફરનારી છે. તેથી મુસલમાનો કેવળ એ સભાનતા સાથે નથી જીવતા કે તેઓ અલ્લાહ તરફથી આવ્યા છે, બલ્કે એ પણ સભાનતા રાખે છે કે તેમને દરેક ક્ષણે અલ્લાહ જ ટકાવી રાખે છે, અને તેઓ છેવટે તેની તરફ જ પાછા ફરનારા છે, જેવી રીતે કે સમગ્ર કાએનાત પણ તેની જ તરફ પાછી ફરશે. જેમ કે, કુરઆનની આ આયતમાં બયાન થયું છે કે, “અમે તો અલ્લાહના (તરફથી) જ છીએ, અને અમે તેની જ તરફ પાછા ફરનારા છીએ.”[1]

એ જ રીતે, અલ્લાહની હિકમત અને માણસના બધા મામલાઓમાં પ્રભુત્વ ધરાવતા તેના ઈરાદાના સાયુજ્ય (જોડાણ) અંગેની કુરઆનની તાલીમાતના મહત્ત્વ પર પણ જેટલો ભાર મૂકો તેટલો ઓછો છે. અલબત્ત, બીજા ધર્મો પણ તાલીમ આપે છે કે, ખુદા સર્વશક્તિમાન અને સઘળું જાણનારો છે, અને આવી તાલીમ કંઈ કેવળ ઈસ્લામમાં જ નથી; તેનો તૌરાત અને ઈન્જીલમાંય ઉલ્લેખ છે. હા, ઈસ્લામમાં, જો કે, આ સિદ્ધાંત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે, અને તેને રોજમર્રાના જીવનમાં — ‘ઈન્શાઅલ્લાહ’ (જો અલ્લાહ ચાહે) જેવા વાકયના પુનરાવર્તન વડે — દીની આચરણમાં સાંકળી લેવામાં આવ્યો છે. આવા નુસખાઓ એક મુસ્લિમની રોજમર્રાની પ્રવૃત્તિઓમાં વકફો કરાવે છે, અને તેને યાદ અપાવે છે કે અલ્લાહની મરજી મનુષ્ય જીવનની દરેક પળ પર વર્ચસ્વ ધરાવે છે. આપણે હંમેશાં અલ્લાહની મરજી પ્રમાણે જીવન જીવીએ છીએ, ભલે ને આપણને તે પસંદ હોય કે ન હોય, એ અર્થમાં કે તેની મરજી સમગ્ર વિશ્વ

1 સૂરા બકરા, આયત–૧૫૬

પર વર્ચસ્વ ધરાવે છે. પરંતુ, સાથેસાથે એ પણ કે તેણે આપણને મનુષ્ય દૃષ્ટિએ આઝાદી પણ આપી છે, કે જેથી આપણે પોતાની પસંદગી મુજબ તેની મરજી પ્રમાણે જીવન જીવીએ. તેથી, અલ્લાહની સંપૂર્ણ શકિતશાળી મરજી અને મનુષ્યની મરજી વચ્ચે પારસ્પારિકતા રહેલી છે. તેણે મનુષ્યજાતને આઝાદી આપી છે, કે તેમની ઈચ્છાઓના ઈસ્તેમાલ વડે તેઓ અલ્લાહની મરજીને અનુસરે, અને તેને સમર્પિત થાય. જબ્ર (પરાધીનતા) અને ઈખ્તિયાર (સ્વતંત્રતા)નો મસઅલો કે જેણે સદીઓ સુધી ઘણા મુસ્લિમ મુફક્કિરોને પોતાનામાં આવૃત્ત કર્યા, તે આ પ્રશ્નથી ગૂઢ રીતે સંકળાયેલો મામલો છે, જેની તરફ આપણે આગળ જતાં ચર્ચા કરીશું. (ક્રમશઃ)

## અલ્લાહનો હક

મઆઝ ઈબ્ને જબલ કહે છે કે હું હઝરત (સ.)ની સાથે એક જ સવારી પર સવાર હતો. મારા અને હુઝૂર (સ.)ની વચ્ચે માત્ર કાઠડાની લાકડીનું જ અંતર હતું.

હઝરત (સ.)એ ફરમાવ્યું, "મઆઝ!"

મેં કહ્યું, "લબ્બૈક, યા રસૂલલ્લાહ!"

પછી હઝરત (સ.)એ સવારીની ઝડપ તેજ કરી દીધી. થોડી વાર પછી ફરીથી ફરમાવ્યું, "મઆઝ!"

મેં કહ્યું, "લબ્બૈક, યા રસૂલલ્લાહ!"

પછી આપ (સ.)એ સવારીની ઝડપ તેજ કરી દીધી. થોડા સમય પછી ફરીથી આપ (સ.)એ ફરમાવ્યું, "મઆઝ!"

મેં કહ્યું, "હાજર છું , અલ્લાહના રસૂલ, હુકમ આપો, ફરમાવો."

આ સાંભળીને હઝરત (સ.)એ ઈર્શાદ કર્યો, "મઆઝ! તમે જાણો છો કે બંદાઓ પર અલ્લાહનો હક શું છે?"

મેં અરજ કરી, "અલ્લાહ અને તેના રસૂલ (સ.) બહેતર જાણે છે."

આપ (સ.)એ ફરમાવ્યું, "અલ્લાહનો હક બંદાઓ પર એ છે કે તે માત્ર તેની ઈબાદત કરે અને કોઈને તેનો શરીક ન બનાવે." પછી આપ (સ.)એ સવારીની ઝડપને તેજ કરી દીધી અને થોડી વાર પછી કહ્યું,

"મઆઝ! એ પણ જાણો છો કે બંદાઓનો હક અલ્લાહ પર શું છે?"

મેં કહ્યું, "અલ્લાહ અને તેના રસૂલ (સ.)નું ઈલ્મ ખૂબ વિસ્તૃત છે."

આપ (સ.)એ ફરમાવ્યું, "બંદાઓનો હક અલ્લાહ પર આ વખતે એ હશે કે તે તેમના પર અઝાબ ન કરે."

(નહ્જુલ ફસાહત, સફ્હા-૧૨૮-૧૨૯)

# ઈબાદાત



## માહે ઝિલ્કાદના આમાલ

આ મહીનામાં રવિવારના દિવસની એક નમાઝ છે કે જે મોટી ફઝીલતવાળી છે, જેના વિષે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "જે વ્યક્તિ આ નમાઝને પઢે તો તેની તૌબા કબૂલ થઈ જાય છે, ગુનાહ માફ થઈ જાય છે, કયામતમાં દુશ્મનો તેનાથી ખુશ થઈ જશે, તેનું મોત ઈમાનની સાથે થશે, અને તેનો દીન સલામત રહેશે, તેની કબ્ર પહોળી અને રોશન હશે, તેના માબાપ તેનાથી ખુશ હશે, તેના બાળકોને માઅરેફ્ત પ્રાપ્ત થશે, તેની રોઝીમાં વિશાળતા હશે, મલકુલ મૌત તેની રૂહ નરમાશથી કબ્ઝ કરશે, અને તેનું મોત આરામની સાથે થશે."

**આ નમાઝની રીત આ મુજબ છે:**

ઝિલ્કાદ મહીનામાં રવિવારના દિવસે ગુસ્લ અને વુઝૂ કરીને ચાર રકાત નમાઝ બે-બે રકાતની નિય્યતથી પઢવાની છે, જેની બધી રકાતમાં સૂરા હમ્દ પછી ત્રણ વખત સૂરા તૌહીદ અને એક એક વખત સૂરા ફલક અને સૂરા નાસ પઢવો, અને ૭૦ વખત اَسْتَغْفِرُ اللهَ رَبِّىْ وَاَتُوْبُ اِلَيْهِ પઢવું, અને છેલ્લે આ દુઆ પઢે:

لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللهِ الْعَلِيِّ الْعَظِيْمِ

**અને પછી આ દુઆ પઢે:**

يَا عَزِيْزُ يَا غَفَّارُ اغْفِرْ لِىْ ذُنُوْبِىْ وَذُنُوْبَ جَمِيْعِ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ فَاِنَّهُ لَا يَغْفِرُ الذُّنُوْبَ اِلَّا اَنْتَ

**૨૫મી ઝિલ્કાદના દિવસની ફઝીલત:**

આ દિવસે રોઝો રાખવાની ખૂબ જ ફઝીલત છે. એક રિવાયતમાં છે કે આજના દિવસનો રોઝો ૭૦ વર્ષના રોઝા બરાબર છે. એક બીજી રિવાયતમાં છે કે આજના દિવસનો રોઝો ૭૦ વર્ષના ગુનાહોનો કફ્ફારો છે.

જે વ્યક્તિ આજના દિવસે રોઝો રાખે, અને તે રાત્રે ઈબાદત કરે, તો તેના માટે ૧૦૦ વર્ષની ઈબાદત લખવામાં આવશે. આજના દિવસે રોઝો રાખવાવાળા માટે એ બધી વસ્તુઓ ઈસ્તિગ્ફાર કરે છે કે જે જમીન અને આસમાનમાં છે. આ તે દિવસ છે કે જેમાં અલ્લાહ તઆલાની રહમત દુનિયામાં ફેલાઈ જાય છે. આ દિવસે ઝિક્ર અને ઈબાદત કરવાનો ખૂબ જ મોટો બદલો છે.

**૨૫મી ઝિલ્કાદના આમાલ:**

(૧) આ દિવસે ગુસ્લ કરવું (૨) રોઝો રાખવો (૩) અલ્લાહનો ઝિક્ર અને ઈબાદત કરવી

**આ ઉપરાંત બે આમાલ આ મુજબ કરવા:**

બે રકાત નમાઝ ચાશતના સમયે (લગભગ સવારે નવ વાગ્યાના સમયે) પઢવી, જેમાં બન્ને રકાતમાં સૂરા હમ્દ

પછી પાંચ વખત સૂરા શમ્સ પઢવો, અને નમાઝની સલામ પછી આ દુઆ પઢે:

لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللهِ الْعَلِيِّ الْعَظِيْمِ

**પછી આ મુજબ પઢે:**

يَا مُقِيْلَ الْعَثَرَاتِ اَقِلْنِىْ عَثْرَتِىْ، يَا مُجِيْبَ الدَّعَوَاتِ اَجِبْ دَعْوَتِىْ، يَا سَامِعَ الْاَصْوَاتِ اسْمَعْ صَوْتِىْ
وَارْحَمْنِىْ، وَتَجَاوَزْ عَنْ سَيِّئَاتِىْ، وَمَا عِنْدِىْ يَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ

**ઝિલ્કાદ મહીનામાં નીચે આપેલ દુઆ પઢવી મુસ્તહબ છે:**

اَللّٰهُمَّ دَاحِىَ الْكَعْبَةِ، وَفَالِقَ الْحَبَّةِ، وَصَارِفَ اللَّزْبَةِ، وَكَاشِفَ كُلِّ كُرْبَةٍ، اَسْاَلُكَ فِىْ هٰذَا الْيَوْمِ مِنْ
اَيَّامِكَ الَّتِىْٓ اَعْظَمْتَ حَقَّهَا، وَاَقْدَمْتَ سَبْقَهَا، وَجَعَلْتَهَا عِنْدَ الْمُؤْمِنِيْنَ وَدِيْعَةً، وَّاِلَيْكَ ذَرِيْعَةً،
وَّبِرَحْمَتِكَ الْوَسِيْعَةِ اَنْ تُصَلِّىَ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ الْمُنْتَجَبِ فِى الْمِيْثَاقِ الْقَرِيْبِ يَوْمَ التَّلَاقِ، فَاتِقِ
كُلِّ رَتْقٍ، وَّدَاعٍ اِلٰى كُلِّ حَقٍّ، وَّعَلٰى اَهْلِ بَيْتِهِ الْاَطْهَارِ الْهُدَاةِ الْمَنَارِ دَعَآئِمِ الْجَبَّارِ، وَوُلَاةِ الْجَنَّةِ
وَالنَّارِ، وَاَعْطِنَا فِىْ يَوْمِنَا هٰذَا مِنْ عَطَآئِكَ الْمَخْزُوْنِ غَيْرَ مَقْطُوْعٍ وَّلَا مَمْنُوْعٍ، تَجْمَعُ لَنَا بِهِ التَّوْبَةَ
وَحُسْنَ الْاَوْبَةِ، يَا خَيْرَ مَدْعُوٍّ، وَّاَكْرَمَ مَرْجُوٍّ، يَّا كَفِىُّ يَا وَفِىُّ يَا مَنْ لُّطْفُهُ خَفِىٌّ اُلْطُفْ لِىْ بِلُطْفِكَ،
وَاَسْعِدْنِىْ بِعَفْوِكَ، وَاَيِّدْنِىْ بِنَصْرِكَ، وَلَا تُنْسِنِىْ كَرِيْمَ ذِكْرِكَ بِوُلَاةِ اَمْرِكَ، وَحَفَظَةِ سِرِّكَ، وَاحْفَظْنِىْ مِنْ
شَوَآئِبِ الدَّهْرِ اِلٰى يَوْمِ الْحَشْرِ وَالنَّشْرِ، وَاَشْهِدْنِىْٓ اَوْلِيَآءَكَ عِنْدَ خُرُوْجِ نَفْسِىْ، وَحُلُوْلِ رَمْسِىْ، وَانْقِطَاعِ
عَمَلِىْ، وَانْقِضَآءِ اَجَلِىْ، اَللّٰهُمَّ وَاذْكُرْنِىْ عَلٰى طُوْلِ الْبِلٰٓى اِذَا حَلَلْتُ بَيْنَ اَطْبَاقِ الثَّرٰى، وَنَسِيَنِى النَّاسُوْنَ
مِنَ الْوَرٰى، وَاَحْلِلْنِىْ دَارَ الْمُقَامَةِ، وَبَوِّئْنِىْ مَنْزِلَ الْكَرَامَةِ، وَاجْعَلْنِىْ مِنْ مُّرَافِقِىْٓ اَوْلِيَآئِكَ وَاَهْلِ
اجْتِبَآئِكَ وَاصْطِفَآئِكَ، وَبَارِكْ لِىْ فِىْ لِقَآئِكَ، وَارْزُقْنِىْ حُسْنَ الْعَمَلِ قَبْلَ حُلُوْلِ الْاَجَلِ، بَرِيْٓـئًا مِّنَ
الزَّلَلِ وَسُوْٓءِ الْخَطَلِ، اَللّٰهُمَّ وَاَوْرِدْنِىْ حَوْضَ نَبِيِّكَ مُحَمَّدٍ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ، وَاسْقِنِىْ مِنْهُ مَشْرَبًا
رَّوِيًّا سَآئِغًا هَنِيْٓـئًا لَّآ اَظْمَاُ بَعْدَهٗ وَلَآ اُحَلَّاُ وِرْدَهٗ وَلَا عَنْهُ اُذَادُ، وَاجْعَلْهُ لِىْ خَيْرَ زَادٍ، وَّاَوْفٰى مِيْعَادٍ يَّوْمَ
يَقُوْمُ الْاَشْهَادُ، اَللّٰهُمَّ وَالْعَنْ جَبَابِرَةَ الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ، وَبِحُقُوْقِ اَوْلِيَآئِكَ الْمُسْتَاْثِرِيْنَ، اَللّٰهُمَّ
وَاقْصِمْ دَعَآئِمَهُمْ وَاَهْلِكْ اَشْيَاعَهُمْ وَعَامِلَهُمْ، وَعَجِّلْ مَهَالِكَهُمْ، وَاسْلُبْهُمْ مَّمَالِكَهُمْ، وَضَيِّقْ عَلَيْهِمْ
مَّسَالِكَهُمْ، وَالْعَنْ مُسَاهِمَهُمْ وَمُشَارِكَهُمْ، اَللّٰهُمَّ وَعَجِّلْ فَرَجَ اَوْلِيَآئِكَ، وَارْدُدْ عَلَيْهِمْ مَّظَالِمَهُمْ، وَاَظْهِرْ
بِالْحَقِّ قَآئِمَهُمْ، وَاجْعَلْهُ لِدِيْنِكَ مُنْتَصِرًا، وَّبِاَمْرِكَ فِىْٓ اَعْدَآئِكَ مُؤْتَمِرًا، اَللّٰهُمَّ احْفُفْهُ بِمَلَآئِكَةِ النَّصْرِ
وَبِمَآ اَلْقَيْتَ اِلَيْهِ مِنَ الْاَمْرِ فِىْ لَيْلَةِ الْقَدْرِ، مُنْتَقِمًا لَّكَ حَتّٰى تَرْضٰى وَيَعُوْدَ دِيْنُكَ بِهٖ وَعَلٰى يَدَيْهِ جَدِيْدًا
غَضًّا، وَّيَمْحَضَ الْحَقَّ مَحْضًا، وَّيَرْفِضَ الْبَاطِلَ رَفْضًا، اَللّٰهُمَّ صَلِّ عَلَيْهِ وَعَلٰى جَمِيْعِ اٰبَآئِهٖ، وَاجْعَلْنَا مِنْ
صَحْبِهٖ وَاُسْرَتِهٖ، وَابْعَثْنَا فِىْ كَرَّتِهٖ حَتّٰى نَكُوْنَ فِىْ زَمَانِهٖ مِنْ اَعْوَانِهٖ، اَللّٰهُمَّ اَدْرِكْ بِنَا قِيَامَهٗ، وَاَشْهِدْنَآ
اَيَّامَهٗ، وَصَلِّ عَلَيْهِ وَارْدُدْ اِلَيْنَا سَلَامَهٗ، وَالسَّلَامُ عَلَيْهِ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ

# હબીબ ઈબ્ને મુઝાહિર અસદી (અ.)

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

(ગતાંકનું ચાલુ)

**દુશ્મનોથી વાતચીત:**

નવમી મોહર્રમની સાંજે જ્યારે કૂફાવાસીઓએ ઈમામ (અ.)ની તરફ હુમલો કરવા માટે કૂચ કરી અને ઈમામ (અ.)એ હઝરત અબ્બાસ (અ.) ને તેમની સાથે વાતચીત કરવા માટે મોકલ્યા, તો હઝરત અબ્બાસ (અ.) વીસ ઘોડેસવારોની સાથે, જેમાં ઝુહૈર ઈબ્ને કૈન (અ.) અને હબીબ ઈબ્ને મુઝાહિર (અ.) પણ હતા, તેમની સામે ગયા અને આવવાનું કારણ પૂછ્યું. તેમણે ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદનો પત્ર આવવાની અને જંગ કરવાની વાતને બયાન કરી, તો હઝરત અબ્બાસ (અ.) તેમની વાતને લઈને ઈમામ (અ.)ની પાસે આવ્યા, તે દરમિયાન હઝરત ઝુહૈર (અ.) અને હઝરત હબીબ (અ.) દુશ્મનોની સાથે વાતચીત કરવા લાગ્યા, જેમાં સૌથી પહેલાં હઝરત હબીબ (અ.)એ શરૂઆત કરી, જેમાં ફરમાવ્યું કે, "અલ્લાહની કસમ, એ કોમ અલ્લાહની નજરમાં કેટલી ખરાબ હશે કે જે તેની સામે એવી હાલતમાં જશે કે તેણે પોતાના જ નબી (સ.)ની ઝુર્રિયત, ઈતરત અને અહલેબૈતને, અને આ શહેરના ઈબાદતગુઝાર બંદાઓને, વહેલી સવારે નમાઝે તહજ્જુદ પઢનારાઓને અને અલ્લાહનો પુષ્કળ પ્રમાણમાં ઝિક્ર કરનારાઓને કતલ કર્યા હશે!" એ વખતે અઝરાએ મજાક ઉડાડતાં કહ્યું કે, "હબીબ દરેક મોકા પર પોતાને પાકીઝા બંદા તરીકે બયાન કરે છે." એ વખતે હઝરત ઝુહૈર (અ.)એ જોશમાં આવીને તેને જવાબ આપ્યો કે, "ખરેખર, અલ્લાહે તેમને પાક કર્યા છે અને હિદાયત આપી છે."[1]

**શિમ્રની ગુસ્તાખીનો જવાબ:**

ઈમામ હુસૈન (અ.)એ સુબ્હે આશૂરા પોતાનો એક ઐતિહાસિક ખુત્બો આપ્યો, જેના પર શિમ્રએ ખૂબ જ બેશરમી, બેહયાઈ, અને કમીનાઈથી પોકારીને કહ્યું કે, "હું મુનાફિક છું, અને અલ્લાહની ઈબાદત ફક્ત જીભથી કરું છું, જો મને આપની વાતમાં જરાક પણ સમજ પડતી હોય તો." તેના આ ખરાબ વ્યવહાર પર હબીબ ઈબ્ને મુઝાહિર (અ.)એ જવાબ આપ્યો કે, "અલ્લાહની કસમ, હું સમજું છું કે તારી ઈબાદત ખાલિસ નથી. તું તો ૭૦ અલગ અલગ મોઢે બોલે છે, અને હું એ વાતની પણ ગવાહી આપું છું કે તું સાચું કહે છે કે તને ઈમામ (અ.)ની વાતમાં કંઈ ખબર પડતી નથી, કારણ કે અલ્લાહે તારા દિલ પર તાળું મારી

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૧૭

દીધું છે."[1]

**સરદારીનું પદ:**

રોઝે આશૂરા હઝરત ઈમામ હુસૈન (અ.)એ પોતાના નાનકડા લશ્કરની ગોઠવણ કરી, જેમાં હઝરત ઝુહૈર ઈબ્ને કૈન (અ.)ને જમણી બાજુના લશ્કરના સરદાર બનાવ્યા. હઝરત હબીબ ઈબ્ને મુઝાહિર (અ.)ને ડાબી બાજુના લશ્કરના સરદાર બનાવ્યા, અને હઝરત અબ્બાસ (અ.)ને લશ્કરનો અલમ આપ્યો.[2]

કેટલાક લોકો કહે છે કે હબીબ ઈબ્ને મુઝાહિર (અ.) ખૂબ જ બહાદુર અને હોશિયાર હતા, એટલા માટે આપ (અ.)ને ડાબી બાજુ રાખવામાં આવ્યા હતા, કારણ કે ઈમામ (અ.)ના ડાબી બાજુના લશ્કરનો મુકાબલો દુશ્મનના જમણી બાજુના લશ્કરની સાથે થતો હતો, એટલા માટે ખૂબ જ હોશિયાર અને બહાદુર માણસને ત્યાં રાખવો જરૂરી હતો.

**જિહાદ કરવામાં પહેલ:**

જંગ શરૂ થયા પછી સૌથી પહેલાં જે બે દુશ્મનો સામે આવ્યા, તે યસાર અને સાલિમ હતા. તે બન્નેએ લડવૈયાની માંગણી કરી, તો સૌથી પહેલાં ઈમામ (અ.)ના લશ્કરમાંથી હબીબ ઈબ્ને મુઝાહિર (અ.) અને બુરૈર ઈબ્ને ખુઝૈર હમ્દાની (અ.) આગળ આવ્યા, પરંતુ ઈમામ (અ.)એ તેમને રોકી લીધા, જેના પછી અબ્દુલ્લાહ ઈબ્ને ઉમૈર કલ્બી (અ.) આગળ આવ્યા અને તે બન્નેનો સામનો કર્યો.

ઈમામ હુસૈન (અ.)ના લશ્કરમાં હબીબ (અ.), ઝુહૈર (અ.) અને બુરૈર (અ.) એવા ખાસ મુજાહિદ હતા કે જેમની દુશ્મનોના લશ્કરમાં એક ખાસ શોહરત હતી, એટલા જ માટે જ્યારે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમૈર (અ.) મુકાબલા માટે નીકળ્યા તો યસાર અને સાલિમ બન્નેએ આપ (અ.)નું હસબ–નસબ પૂછ્યું. જ્યારે તેમને જાણ થઈ, તો કહ્યું કે, "અમે તમને નથી જાણતા, અમારી સામે ઝુહૈર ઈબ્ને કૈન (અ.), હબીબ ઈબ્ને મુઝાહિર (અ.) અને બુરૈર ઈબ્ને ખુઝૈર (અ.)એ આવવું જોઈએ." તેથી અબ્દુલ્લાહ ઈબ્ને ઉમૈર (અ.)ને ગુસ્સો આવ્યો અને તેમના પર હુમલો કરી દીધો.[3]

**હઝરત મુસ્લિમ ઈબ્ને ઔસજા (અ.)થી વાતચીત:**

હઝરત મુસ્લિમ (અ.) અને હઝરત હબીબ (અ.) બન્ને બની અસદ કબીલાના જ હતા. જ્યારે હઝરત મુસ્લિમ (અ.) ઝખ્મી થઈને નીચે પડી ગયા અને ઈમામ (અ.) આપ (અ.)ની પાસે ગયા, તો હઝરત હબીબ (અ.) પણ સાથે હતા. હઝરત મુસ્લિમ (અ.)એ હઝરત હબીબ (અ.)ને ફરમાવ્યું કે, "તમને પણ નેકીની બશારત થાય." હઝરત હબીબ (અ.)એ ફરમાવ્યું કે, "જો હું આ સમયે તમારી પાછળ પાછળ આવવાનો ન હોત, તો હું એ વાતને પસંદ કરતો કે તમે જે ચાહો એ મને વસિયત કરો, અને હું તે દરેકનું ધ્યાન રાખતો, કારણ કે સંબંધ અને દીનના લીધે તમે તેના હકદાર

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૨૫

2 અલ–ઈર્શાદ, જિલ્દ–૨, સફહા–૯૫

3 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૨૯

છો." હઝરત મુસ્લિમ (અ.)એ ફરમાવ્યું કે, "હું તમને — અલ્લાહ તમારા પર રહમ કરે — આપ (અ.) વિષે વસિયત કરું છું — અને હઝરત ઈમામ હુસૈન (અ.) તરફ ઈશારો કર્યો — કે તમે આપ (અ.)ના પહેલાં શહીદ થઈ જજો." હઝરત હબીબ (અ.)એ જવાબ આપ્યો કે, "કા'બાના રબની કસમ, હું એવું જ કરીશ."[1]

**નમાઝે ઝોહર વખતે હુસૈન ઈબ્ને નુમૈરનું દુ:સાહસ અને આપ (અ.)ની શહાદત:**

આશૂરાના દિવસે નમાઝે ઝોહરના સમયે હઝરત ઈમામ હુસૈન (અ.)એ પોતાના સહાબીઓને ફરમાવ્યું કે, "તેમને કહો કે નમાઝ પઢી લઈએ, ત્યાં સુધી અમને છોડી દે." ત્યારે હુસૈન ઈબ્ને નુમૈરે કહ્યું કે, "નમાઝ તો કબૂલ થવાની નથી." હબીબ ઈબ્ને મુઝાહિર (અ.)એ ફરમાવ્યું કે, "કબૂલ નહીં થાય! તને એવું લાગે છે કે આલે રસૂલ (અ.)ની નમાઝ કબૂલ નહીં થાય અને અય ગધેડા! તારી નમાઝ કબૂલ થશે?" આ સાંભળતાં ઈબ્ને નુમૈરે આપ (અ.) પર હુમલો કરી દીધો, અને તેની સામે હબીબ (અ.) આવી ગયા અને તેના ઘોડાના ચહેરા પર તલવારનો વાર કર્યો, તો ઘોડો કૂદ્યો, અને તે જમીન પર નીચે પડી ગયો, તેના સાથીઓએ આપ (અ.) પર હુમલો કર્યો અને તેને બચાવી લીધો. આપ (અ.)એ સખ્ત જંગ કર્યો. બની તમીમના એક દુશ્મને આપ (અ.) પર હુમલો કર્યો, તો આપ (અ.)એ તેના માથા પર તલવારનો વાર કર્યો અને તેને કતલ કરી દીધો, આ દુશ્મનનું નામ બુદૈલ ઈબ્ને સુરૈમ હતું. બની તમીમના બીજા એક દુશ્મને આપ (અ.) પર હુમલો કરીને નેઝો માર્યો, તો આપ (અ.) નીચે પડી ગયા. આપ (અ.) ઊભા થવા માગતા હતા કે હુસૈન ઈબ્ને નુમૈરે આપ (અ.)ના માથા પર તલવારનો વાર કર્યો, તો આપ (અ.) જમીન પર પડી ગયા. આ તમીમી દુશ્મન આપ (અ.)ની પાસે આવ્યો અને આપ (અ.)ના માથાને તનથી જૂદું કરી દીધું.

હઝરત ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.) ફરમાવે છે કે, "હઝરત હબીબ ઈબ્ને મુઝાહિર (અ.)એ ૩૧ દુશ્મનોને કતલ કર્યા હતા."[2]

**ઈમામ (અ.) પર આપ (અ.)ની શહાદતની અસર:**

ઈતિહાસમાં એ વાત નોંધવામાં આવી છે કે જ્યારે હઝરત હબીબ ઈબ્ને મુઝાહિર (અ.)ની શહાદત થઈ, ત્યારે ઈમામ હુસૈન (અ.)ને ખૂબ જ આઘાત લાગ્યો હતો, તો આપ (અ.)એ તે સમયે ફરમાવ્યું કે, "હું મારા અને મારા મદદગાર સાથીઓની શહાદત પર સબ્ર કરીશ."[3]

ઝિયારતે નાહિયામાં ઈમામે ઝમાના (અ.)એ હઝરત હબીબ ઈબ્ને મુઝાહિર (અ.) પર પણ સલામ મોકલી છે. આપ (અ.)ની કબ્ર મુબારક ઈમામ હુસૈન (અ.)ના હરમમાં ઝરીહની બાજુમાં છે.

---

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૩૫; અલ–ઈર્શાદ, જિલ્દ–૨, સફહા–૧૦૩

2 અલ–અમાલી લિસ્સદૂક, સફહા–૨૨૪

3 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૩૯; અલ–કામિલ ફિત્તારીખ, જિલ્દ–૨, સફહા–૫૬૭; મુસીરુલ અહ્ઝાન, સફહા–૬૨

# આપણા ઘરની વાતો

● **ઈન્નાલિલ્લાહે...**



સદીકપુરનિવાસી **મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ સાવદીભાઈ શેખપુરીયા** મુ.તા. ૦૮, રજબ-૧૪૪૬ તા.૦૯/૦૧/૨૦૨૫ને ગુરુવારના રોજ ૬૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ દશાવાડાનિવાસી **મર્હૂમ હાજી રાજેભાઈ અલીમદ મોમિન** મુ.તા. ૦૩, શાબાન-૧૪૪૬ તા.૦૨/૦૨/૨૦૨૫ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



સુરપુરનિવાસી **મર્હૂમા મો.હુરીબેન નશીરભાઈ પટેલ** મુ.તા. ૨૦, શાબાન-૧૪૪૬ તા.૧૮/૦૨/૨૦૨૫ને મંગળવારના રોજ ૯૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ સુરપુરનિવાસી **મર્હૂમા મો.ફરીદાબાનું આબિદઅલી ભોવણીયા** મુ.તા. ૨૭, શાબાન-૧૪૪૬ તા.૨૫/૦૨/૨૦૨૫ને મંગળવારના રોજ ૪૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



જેઠીપુરાનિવાસી **મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ નૂરભાઈ આગલોડીયા** મુ.તા. ૨૨, શાબાન-૧૪૪૬ તા.૨૧/૦૨/૨૦૨૫ને શુક્રવારના રોજ ૭૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ ઈલોલ (પહાડીયા)નિવાસી **મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ ગુલામભાઈ ગોદડ** મુ.તા ૦૬, રમઝાન-૧૪૪૬ તા.૦૬/૦૩/૨૦૨૫ને ગુરુવારના રોજ ૯૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



કનાઈનિવાસી **મર્હૂમા મો.કુલસૂમફાતેમા મુશ્તાકઅલી પટેલ** મુ.તા ૦૭, રમઝાન-૧૪૪૬ તા.૦૮/૦૩/૨૦૨૫ને શનિવારના રોજ ૨૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ કેશરપુરાનિવાસી **મર્હૂમ હાજી અન્વરઅલી દાવૂદભાઈ જેધવા** મુ.તા ૦૮, રમઝાન-૧૪૪૬ તા.૦૯/૦૩/૨૦૨૫ને રવિવારના રોજ ૬૦ વર્ષની વયે

અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



⟵ હરીપુરાનિવાસી **મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ શરીફભાઈ ગોદડ (આઈ.એસ.ગોદડ)** મુ.તા ૦૮, રમઝાન-૧૪૪૬ તા.૦૯/૦૩/૨૦૨૫ને રવિવારના રોજ ૭૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. તેઓ નવરચના મંડળ સંચાલિત સમૂહલગ્નમાં, શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળ તેમ જ તેના દ્વારા સંચાલિત જાફરી આવાઝ સામયિકમાં, ડિવાઈન ગ્રેસ, સાબરકાંઠા જેવી સંસ્થાઓમાં ઉમદા ફાળો આપેલ છે. આ ઉપરાંત હરીપુરા શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતમાં પણ યોગદાનની સાથે સાથે તહેવારોમાં નવજુવાનોને પીઠબળ અને ઉત્સાહ વધારવાનું કામ કરેલ છે. હરીપુરા સેવા સહકારી મંડળીમાં પણ લાંબા સમય સુધી સેક્રેટરી તરીકે ફરજ બજાવેલ છે.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## ગડમથલ નં.૩૮૩નો ઉકેલ

**<u>આડી ચાવીઓ:</u>** (૧) અલામત (૪) જવાહિરાત (૭) મલક (૮) જિન (૯) માહતાબ (૧૧) ઈબાદત (૧૩) નમી (૧૪) ગાઝી (૧૫) કદ (૧૭) દરાર (૨૦) ગદીર (૨૨) નમાઝ (૨૪) રબ (૨૫) મકતલ (૨૮) મીકાત (૩૦) નબી (૩૧) સચ (૩૨) તલવાર (૩૩) શીરખ્વાર (૩૬) બર (૩૭) બકા (૩૮) લાશા (૩૯) નાદ **<u>ઊભી ચાવીઓ:</u>** (૧) અરમાન (૨) મમતા (૩) તલબગાર (૫) વાજિબાત (૬) તય (૧૦) હમીદ (૧૨) તકદીર (૧૬) દરબદર (૧૮) રાહત (૧૯) ઈમામી (૨૧) હમનશીની (૨૩) ઝકાત (૨૬) કબીર (૨૭) લસરકા (૨૯) તલબ (૩૪) ખ્વાબ (૩૫) બલા


Sparkwell
The Heart of every Kitchen.

ગેસના ભાવ વધારાથી હવે મેળવો છુટકારો
લઇ આવો નવા જમાનાની ઇલેક્ટ્રિક
Sparkwell Hot Plate

| ઇન્ડક્શન | Sparkwell |
|---|---|
| કાચનું મેઇન્ટેનન્સ | હેવી કાસ્ટીંગ પ્લેટ |
| 2000W પાવર (પ્રતિ કલાક 2 યુનિટ) | 1000W પાવર (પ્રતિ કલાક 1 યુનિટ) |
| 15 AMP પ્લગ | 6 AMP પ્લગ |
| વજન કેપેસીટી - 5 kg | વજન કેપેસીટી - 50 kg |
| અલગથી વાસણ લેવા પડે | ઘરના દરેક ફ્લેટ બેઝ વાસણ ચાલે |
| કાચ ઉપર રોટલી બનતી નથી | પ્લેટ ઉપર ડાયરેક્ટ રોટલી બનાવી શકાય |
| PVC બોડી | પાવડર કોટેડ હેવી બોડી |




રસોડાની શાન



FREE

9428923123
sparkwellappliances@gmail.com
www.sparkwellappliances.com
ઈલોલ, હિંમતનગર, સાબરકાંઠા- 383220

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૧૭૦૦/- મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ શરીફભાઈ ગોદડ (આઈ.એસ.ગોદડ) (હરીપુરા) ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તથા સગાસંબંધીઓ તરફથી.

**મર્હૂમા મો.હુરીબેન નશીરભાઈ પટેલ (સુરપુર) ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.બાકરઅલી નશીરભાઈ પટેલ
રૂા.૫૦૦/- મો.હમેદાબેન બાકરઅલી પટેલ
રૂા.૨૦૦/- મો.ફાતમાબેન ગુલામહૈદર માંણશીયા
રૂા.૨૦૦/- મો.ઝહરાબેન મતલૂબઅલી સુરપુરા
રૂા.૨૦૦/- મો.ફિઝ્ઝાબેન મિક્દાદઅલી વિજાપુરા
રૂા.૨૦૦/- મો.કુલસૂમબેન ઈમ્દાદઅલી માંણશીયા
રૂા.૨૦૦/- મો.તાહેરાબેન શબ્બીરઅલી માંણશીયા
રૂા.૨૦૦/- મો.આબેદાબેન જાફરઅલી સુરપુરા
રૂા.૧૦૦/- મો.મન્સૂરઅલી ગુલામહૈદર માંણશીયા
રૂા.૧૦૦/- મો.નજમાબેન નજરમોહંમદ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.રાશેદાબેન મોહસિનઅલી વિજાપુરા
રૂા.૧૦૦/- મો.સાજેદાબેન આબિદઅલી માંણશીયા
રૂા.૧૦૦/- મો.શીરીનબેન મોહસિનઅલી આગલોડીયા
રૂા.૨૦૦/- મો.શાકેરાબેન હસનઅલી સુરપુરા
રૂા.૧૦૦/- મો.મેઅરાજફાતેમા તાહેરઅલી પરબડીયા
રૂા.૧૦૦/- મો.સાજેદાબેન રહેમાનઅલી પટેલ
રૂા.૨૦૦/- મો.વઝીરઅલી નશીરભાઈ પરબડીયા
રૂા.૨૦૦/- મો.નજરઅલી નશીરભાઈ પરબડીયા

**મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ નૂરભાઈ આગલોડીયા (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.જાફરઅલી ઈસ્માઈલભાઈ આગલોડીયા
રૂા.૨૦૦/- મો.ઝૈનબબેન જાફરઅલી આગલોડીયા
રૂા.૨૦૦/- મો.મોહંમદજાફર જાફરઅલી આગલોડીયા
રૂા.૨૦૦/- મો.મોહંમદઅલી નૂરભાઈ આગલોડીયા
રૂા.૨૦૦/- મો.વઝીરઅલી મોહંમદઅલી આગલોડીયા
રૂા.૨૦૦/- મો.કુલસૂમફાતેમા મહેરબાનઅલી ભટ્ટ
રૂા.૨૦૦/- મો.અલીહુસૈન મહેરબાનઅલી ભટ્ટ
રૂા.૨૦૦/- મો.સકીનાફાતેમા જાફરઅબ્બાસ સુરપુરા (સુરપુર)
રૂા.૨૦૦/- મો.સકીનાબેન અબ્બાસભાઈ મસી (સુરપુર)
રૂા.૨૦૦/- મો.મહેરબાનું હસનઅલી પટેલ (સુરપુર)
રૂા.૨૦૦/- મો.કુલસૂમબેન તાલિબઅલી ખરોડીયા (તેજપુરા)
રૂા.૨૦૦/- મો.હુસૈનાબેન હસનઅલી વિજાપુરા
રૂા.૨૦૦/- મો.ફાતેમાબેન શેરઅલી વિજાપુરા
રૂા.૧૦૦/- મો.ઉરીબેન શરીફભાઈ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.અઝમતફાતેમા ખાદિમહુસૈન સુરપુરા (કિશોરગઢ)
રૂા.૧૦૦/- મો.રહમતફાતેમા ખાદિમહુસૈન વિજાપુરા

**મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ ગુલામભાઈ ગોદડ (ઈલોલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.રસૂલબેન ઈસ્માઈલભાઈ ગોદડ
રૂા.૧૦૦૦/- મો.શબ્બીરઅલી ઈસ્માઈલભાઈ ગોદડ
રૂા.૫૦૦/- મો.સુગરાબેન શબ્બીરઅલી ગોદડ
રૂા.૨૦૦/- મો.નજરમોહંમદ શબ્બીરઅલી ગોદડ
રૂા.૨૦૦/- મો.નજમાબેન નજરમોહંમદ ગોદડ
રૂા.૨૦૦/- મો.જફરહુસૈન નજરમોહંમદ ગોદડ
રૂા.૧૦૦૦/- મો.મહદીઅલી ઈસ્માઈલભાઈ ગોદડ
રૂા.૫૦૦/- મો.તાહેરાબેન મહદીઅલી ગોદડ
રૂા.૨૦૦/- મો.મોહંમદઅલી મહદીઅલી ગોદડ
રૂા.૨૦૦/- મો.કાસમભાઈ ગુલામભાઈ ગોદડ

રૂા.૧૦૦/- મો.ફિઝ્ઝાબેન મંઝૂરહુસૈન ભોવણીયા
રૂા.૧૦૦/- મો.મકસૂદાબાનું શબ્બીરઅલી મતીયા
રૂા.૧૦૦/- મો.શાકેરાબેન ઈનામહુસૈન લોઢા
રૂા.૧૦૦/- મો.સાજેદાબેન મોહંમદહુસૈન લોઢા
રૂા.૧૦૦/- મો.અસ્મતફાતેમા મંઝૂરહુસૈન બલોસપુરા
રૂા.૧૦૦/- મો.મકબૂલફાતેમા આબિદહુસૈન બલોસપુરા
રૂા.૨૦૦/- મો.ફાતેમાબેન તાહેરઅલી દાવડા
રૂા.૨૦૦/- મો.સુગરાબેન મીસમઅલી પટેલ
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન મોહસિનઅલી આગલોડીયા
રૂા.૧૦૦/- મો.કનીઝફાતેમા સિરાજઅહમદ પટેલ
રૂા.૧૦૦/- મો.મંઝૂરફાતેમા અક્બરઅલી દાંત્રેલીયા
રૂા.૧૦૦/- મો.મકબૂલફાતેમા અક્બરહુસૈન લોઢા
રૂા.૧૦૦/- મો.મેઅરાજફાતેમા ફતેહઅલી ડોડીયા
રૂા.૧૦૦/- મો.ફિઝ્ઝાફાતેમા રહેમાનઅલી બલોસપુરા
રૂા.૨૦૦/- મો.આબિદઅલી મુબારકઅલી બલોસપુરા

**મર્હૂમા મો.કુલસૂમફાતેમા મુશ્તાકઅલી પટેલ (કનાઈ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦૦/- મો.મુશ્તાકઅલી અલીભાઈ પટેલ
રૂા.૧૨૦૦/- મો.શબ્બીરઅલી અલીભાઈ પટેલ
રૂા.૨૦૦/- મો.મહમૂદાબેન ગુલામઅબ્બાસ દાવડા (કાટવાડ)
રૂા.૫૦૦/- મો.હુસૈનાબેન વિલાયતઅલી માણશીયા (જેઠીપુરા)
રૂા.૫૦૦/- મો.નજમાબેન આબિદઅલી પટેલ
રૂા.૨૦૦/- મો.તાહેરાફાતેમા કામયાબઅલી વિજાપુરા (જેઠીપુરા)
રૂા.૨૦૦/- મર્હૂમા શાકેરાફાતેમા શબ્બીરઅલી ખાણશીયા
રૂા.૧૦૦/- મો.હબીબભાઈ અમદાભાઈ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.અબ્બાસભાઈ અમદાભાઈ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.મીસમઅલી અમદાભાઈ દેધરોટીયા
રૂા.૫૦૦/- મો.નૂરમોહંમદ ગુલામહુસૈન આગલોડીયા (જેઠીપુરા)
રૂા.૫૦૦/- મો.નજરઅલી ગુલામહુસૈન આગલોડીયા (જેઠીપુરા)

**મર્હૂમ હાજી અન્વરઅલી દાવૂદભાઈ જેધવા (કેશરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.તાહેરઅલી અન્વરઅલી જેધવા
રૂા.૫૦૦/- મો.ઝહરાબેન અન્વરઅલી જેધવા
રૂા.૫૦૦/- મો.ઝાકિરઅલી દાવૂદભાઈ જેધવા
રૂા.૫૦૦/- મો.બાકરઅલી ઝાકિરઅલી જેધવા
રૂા.૫૦૦/- મો.આબિદઅલી દાવૂદભાઈ જેધવા
રૂા.૫૦૦/- મો.તાહેરાફાતેમા જાફરઅલી રાજપુરા
રૂા.૫૦૦/- મો.અઝમતફાતેમા તાહેરઅલી જેધવા
રૂા.૫૦૦/- મો.ઝૈનબબેન ગુલામમોહંમદ માણુંશિયા (જેઠીપુરા)
રૂા.૫૦૦/- મો.ઝહરાબેન મિકદાદઅલી વિજાપુરા (જેઠીપુરા)
રૂા.૫૦૦/- મો.રાબિયાબેન હસનઅલી ગોદડ (કિશોરગઢ)
રૂા.૫૦૦/- મો.મદીનાબેન તાલિબઅલી ખાણશિયા (કિશોરગઢ)
રૂા.૫૦૦/- મો.મોહંમદઅલી વલીભાઈ રાજપુરા
રૂા.૫૦૦/- મો.હસનઅલી કાસમભાઈ ડોડીયા
રૂા.૫૦૦/- મો.શબ્બીરઅલી કાસમભાઈ ડોડીયા
રૂા.૫૦૦/- મો.યૂસુફભાઈ વલીભાઈ જેધવા
રૂા.૨૦૦/- મો.મુશ્તાકઅલી ઈબ્રાહીમભાઈ રાજપુરા
રૂા.૨૦૦/- મો.અમીનાબેન મુશ્તાકઅલી રાજપુરા
રૂા.૨૦૦/- મો.આબેદાબેન અખ્લાકઅહમદ રાજપુરા
રૂા.૨૦૦/- મો.અમીનાબેન બાકરઅલી જેધવા
રૂા.૨૦૦/- મો.ઝહીનાફાતેમા તાહેરઅલી જેધવા
રૂા.૨૦૦/- મો.મોહંમદઅર્શદ જાફરઅલી રાજપુરા
રૂા.૨૦૦/- મો.મોહંમદઝકી તાહેરઅલી જેધવા
રૂા.૧૦૦/- મો.મદીનાબેન આબિદઅલી પટેલ
રૂા.૨૦૦/- મો.નજમાબેન અક્બરઅલી સુરપુરા (સુરપુર)
રૂા.૨૦૦/- મો.માસૂમફાતેમા મોહંમદઅલી વિજાપુરા (જેઠીપુરા)
રૂા.૨૦૦/- મો.ઝૈનબફાતેમા મોહંમદઅલી નૂરભાણેજ (હરીપુરા)
રૂા.૨૦૦/- મો.સુગરાબેન આબિદઅલી ખાણશીયા (કિશોરગઢ)
રૂા.૨૦૦/- મો.રૂકૈયાબેન મોહંમદઅલી ગોદડ (કિશોરગઢ)
રૂા.૨૦૦/- મો.મંજૂરફાતેમા ઈકરામઅલી ખાણશીયા (કિશોરગઢ)

**મહેમૂદઅલી રાજેભાઈ મોમિન અને ગુલામહુસૈન રાજેભાઈ મોમિન (દશાવાડા) તરફથી.**

રૂા.૫૦૦/- મર્હૂમ હાજી રાજેભાઈ અલીમદ મોમિન (દશાવાડા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મર્હૂમ મો.અલીમદભાઈ ઈબ્રાહીમભાઈ ચૌધરી (દશાવાડા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મર્હૂમા મો.રતનબેન અલીમદ ચૌધરી (દશાવાડા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મર્હૂમ મો.કાસમભાઈ અલીમદ ચૌધરી (દશાવાડા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મર્હૂમ મો.હનીફભાઈ અલીમદ ચૌધરી (દશાવાડા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મર્હૂમા મો.મરયમબેન હબીબભાઈ મુખી (દશાવાડા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મર્હૂમા મો.જીવીબેન રહીમભાઈ સુણસરા (દશાવાડા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મર્હૂમા મો.સકીનાબેન તાજુભાઈ બાલવા (દશાવાડા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મર્હૂમા મો.નૂરીબેન દોસન સુણસરા (ખરપડીયા) (વાઘરોલ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મર્હૂમા મો.અમીનાબેન દોસન સેલીયા (વાઘરોલ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મર્હૂમ મો.મરયમબેન હબીબભાઈ મજાદરીયા (હૈદરપુરા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.અબ્બાસભાઈ મીયાંજીભાઈ રામસડા (કેસીમ્પા-ઓસ્ટ્રેલીયા) નવી કાર લાવ્યા તેની ખુશાલી પ્રસંગે.


રૂા.૧૦૦૦/- મો.રઝાહૈદર મનવીર પોલરા (કાંણોદર) તરફથી તેમની બિસ્મિલ્લાહની ખુશાલી પ્રસંગે.


**નફીસ એન્ટરપ્રાઇઝ**

Nafis ENTERPRISE

▶ ઘંઉ, મકાઈ, તુવેર, સોયાબીન સાફ કરી આપવામાં આવશે.

▶ સાફ કરેલા પેકેજીંગ ઘંઉ મળશે.



9998043590 - આબિદઅલી (હરીપુરાવાળા)

9426642972 - અબ્બાસઅલી (હરીપુરાવાળા)

ગુડલક ટ્રેડિંગ કંપની ની બાજુમાં, દેશોત્તર - હિંમતનગર હાઇવે, કિશોરગઢ, ઇડર, સાબરકાંઠા, ગુજરાત 383225